ૐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૨૫ ૧ ફેબ્રુઆરી-૨૦૧૭ પાના-૧૨ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી

સત્પુરુષો ઉપકાર અર્થે જે ઉપદેશ કરે છે તે શ્રવણ કરે, ને વિચારે તો જીવના દોષો અવશ્ય ઘટે પારસમણિનો સંગ થયો ને લોઢાનું સુવર્ણ ન થયું તો કાં તો પારસમણિ નહી; અને કાં તો ખરું લોઢું નહીં. તેવી જ રીતે જે ઉપદેશથી સુવર્ણમય આત્મા ન થાય તે ઉપદેષ્ટા કાં તો સત્પુરુષ નહીં, અને કાં તો સાચો માણસ યોગ્ય જીવ નહીં. યોગ્ય જીવ અને ખરા સત્પુરુષ હોય તો ગુણો પ્રગટ્યા વિના રહે નહીં.

જીવ એમ કહે છે કે મારા તૃષ્ણા, અહંકાર, લોભ આદિ દોષો જતા નથી; અર્થાત જીવ પોતાના દોષ કાઢતો નથી; અને દોષોનો વાંક કાઢે છે. જેવી રીતે સૂર્યનો તાપ બહુ પડે છે; અને તેથી બહાર નીકળાતું નથી; માટે સૂર્યનો દોષ કાઢે છે; પણ છત્રી અને પગરખાં સૂર્યના તાપથી રક્ષણ અર્થે બતાવ્યા છે તેનો ઉપયોગ કરતો નથી તેમ જ્ઞાની પુરુષોએ લૌકિક ભાવ મૂકી દઈ જે વિચારથી પોતાના દોષો ઘટાડેલા, નાશ કરેલા તે વિચારો, અને તે ઉપાયો જ્ઞાનીઓ ઉપકાર અર્થે કહે છે. તે શ્રવણ કરી આત્મામાં પરિણામ પામે તેમ પુરુષાર્થ કરવો.

યોગ્ય જીવ ન હોય તેને સત્પુરુષ ઉપદેશ આપતા નથી.

સત્પુરુષ કરતાં મુમુક્ષુનો ત્યાગ વૈરાગ્ય વધી જવો જોઈએ. મુમુક્ષુઓએ જાગૃત થઈ વૈરાગ્ય વધારવો જોઈએ. સત્પુરુષનું એક પણ વચન સાંભળી પોતાને વિષે દોષો હોવા માટે બહુ જ ખેદ રાખશે અને દોષ ઘટાડશે ત્યારે જ ગુણ પ્રગટશે.

સત્પુરુષ તો જેમ એક વટેમાર્ગુ બીજા વટેમાર્ગુને રસ્તો બતાવી ચાલ્યો જાય છે, તેમ બતાવી ચાલ્યા જાય છે. ગુરુપદ ધરાવવા કે શિષ્યો કરવા માટે સત્પુરુષની ઈચ્છા નથી. સત્પુરુષ વગર એકપણ આગ્રહ, કદાગ્રહ મટતો નથી. દુરાગ્રહ મટ્યો તેને આત્માનું ભાન થાય છે. સત્પુરુષના પ્રતાપથી જ દોષ ઘટે છે.

ભ્રાંતિ જાય તો તરત સમ્યક્ત્વ થાય. બાહુબલીજીને જેમ કેવળ જ્ઞાન પાસે-અંતરમાં હતું, કાંઈ બહાર નહોતું; તેમ સમક્તિ (આત્મજ્ઞાન) પોતાની પાસે જ છે. શિષ્ય કેવો હોય કે, માથું કાપીને આપે તેવો હોય ત્યારે આત્મજ્ઞાન જ્ઞાની પ્રાપ્ત કરાવે. જીવ અહંકાર રાખે છે, અસત વચનો બોલે છે, ભ્રાંતિ રાખે છે, તેનું તેને લગારે ભાન નથી. એ ભાન થયા વિના નિવેડો આવવાનો નથી.

જ્ઞાની અનુકંપા અર્થે માર્ગ બોધે છે. અજ્ઞાની કુગુરુઓ મતભેદ ઠામઠામ વધારી કદાગ્રહ ચોક્કસ કરે છે.

**શ્રીમદ્ રાજચંદ્રજી- ઉપદેશછાયા નોંધ-૯માંથી સાભાર.**

## શ્રી... આ...ચા...રાં...ગ...સૂ...ત્રનું સૂકતામૃત

માત્ર માનવ માનવ વચ્ચે જ નહિ પણ સમસ્ત વિશ્વવર્ગ સાથે પ્રેમની સાંકળ સાંધે તે ધર્મ. એવું જ્યાં ન દેખાય ત્યાં ધર્મ નથી, પણ ધર્મનો વિકાર છે. ધર્મનો વિકાર સર્વથા દૂર કરવા યોગ્ય છે.

દેહના દાન કરતાંયે જિજ્ઞાસા મોંઘી છે. શ્રધ્ધા વિના સમજ નથી, સમજ વિના શાંતિ કે સમાધિ નથી. સત્પુરુષોનો અનુભવ, આગમવચન અને પોતાની વિવેકબુધ્ધિ એ ત્રણેના સમન્વય પછી સત્પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવાનો અટલ નિશ્ચય જાગે એ શ્રધ્ધા.

વૃતિઓ ઉપર વિજય મેળવનાર પાતકી પણ પ્રભુતા પામે છે. સ્વાર્પણનો માર્ગ શ્રેષ્ઠ છે. ઉપાદાનની શુધ્ધિ કર્યા બાદ સત્યની સાધના શરૂ થાય છે. સત્યનું એકલક્ષીપણું, વીરતાભરી અહિંસા અને માન-મમતાના ત્યાગ એ ત્રણે સાધનો ધ્વારા ઉપાદાનની ક્રમશઃ શુધ્ધિ થાય છે.

જે સાધક પોતાના માર્ગમાં એક બાજુ સંકટના કાંટા અને બીજી બાજુ પ્રલોભનનાં પુષ્પો હોવા છતાં તેથી કંટાળતો નથી કે તેમાં મુગ્ધ થાતો નથી, તે જ સાધક પોતાની સાધનાને સિધ્ધ કરી શકે છે.

નૈસર્ગિક જીવન જીવાડે એ જ સાચો સંયમ. જે ક્રિયાઓ દ્વારા કષાયો મંદ પડે અને આત્માના ગુણો વિકસિત થાય એ જ ધર્માચરણ છે.

સહિષ્ણુ પુરુષમાં જે આત્મબળ હોય છે તે લાખોના વિજેતા વીરમાં નથી હોતું. વસ્ત્રધારણ કરો કે ત્યાગો એમાં મુક્તિનાં મૌકિતક નથી, પણ મુક્તિ તો મૂર્ચ્છાના ત્યાગમાં છે.

લોકેષણા હોય ત્યાં સમતા ટકે જ નહિ. સાચો સાધક સમભાવથી જ આત્માને પ્રસન્ન રાખે છે. સત્યની આરાધનામાં વીરતાની કસોટી છે

અહિંસાને જીવનના પ્રત્યેક ક્ષેત્ર સાથે સબંધ છે. સાચા અને સનાતન ધર્મનું પાલન અહિંસાની જીવન વ્યાપી આચરણીયતામાં છે.

સ્વાદજય એ સાધનાનું સાચું સાધન છે.

બહિર્મુખદ્રષ્ટિ આત્મવિકાસનું આવરણ અને કર્મ બંધનનું મૂળ છે. જીવનમાં લઘુભાવ લાવવો એ અમૂલું ધન છે.

આત્માભિમુખદ્રષ્ટિના માટે દેહદમન, ઈન્દ્રિયજય અને વૃત્તિનિયમન એ ત્રણેની આવશ્યકતા છે.

અનુભવના મૂલ્ય મોંઘેરાં છે કોઈ મરજીવો જ જીવનરત્નાકરમાં ડૂબકી મારી અનુભવનું રત્ન પામી શકે છે.- **મુનિશ્રી સંતબાલજી.**

## (૩૦ જાન્યુઆરી-ગાંધી નિર્વાણ દિન નિમિત્તે)
## આજે ગાંધીજી હોત તો ?

ગાંધીજી હાડે પ્રખર ક્રાંતિકારી હતા. જીવન માટેનું એમનું દર્શન તદ્દન જુદું હતું. એમના નજીકમાં નજીકના સાથીઓ પણ એમની ક્રાંતિકારિતા સમજી શક્યા નહોતા. એક દાખલો લઈએ. મુંબઈના કચ્છી વેપારી જેરાજાણી કાકા ગાંધીજીના ભક્ત હતા અને સ્વરાજની લડતમાં પોતાનો ફાળો બરાબર આપતા હતા. બાપુને અત્યંત પ્રિય અને મહત્ત્વની બાબત ખાદીના કામમાં એમને ભારે ઉત્સાહ. આઝાદી બાદ દેશનાં મોટાં મોટાં નગરોમાં ખાદી ભંડારો નવા ખૂલ્યા તેમાં અને પહેલેથી હતા તેમાં ખાદીનું ધૂમ વેચાણ થવા માંડ્યું. જેરાજાણી કાકા ઊભરાતા ઉત્સાહથી બાપુને હેવાલ આપતા હતા - આ ભંડારમાં આટલા લાખનું, ને આ ભંડારમાં આટલાં લાખનું ખાદીનું વેચાણ થયું - એને આંકડાઓ આપતાં અધવચ્ચેથી રોકી બાપુએ કહ્યું મારે આ બધા આંકડા નથી સાંભળવા. મને એ કહો કે કેટલા ગામોએ પોતાના જ ગામમાં પેદા થયેલી ખાદી વાપરવાનો - વસ્ત્ર સ્વાવલંબનનો સંકલ્પ લીધો? એવાં સંકલ્પબદ્ધ કેટલાં ગામડાં તમે તૈયાર કર્યાં?

જેરાજાણી કાકા જરા છોભીલા પડ્યા. એમણે કહ્યું કે એવું તો એકેય ગામ નથી તૈયાર કર્યું. વાતમાં એક સંકેત એ છે કે ગાંધીજી વેપારી ખાદીમાં માનતા નહોતા. એમને મન ખાદી ગ્રામોદ્યોગ, ઔદ્યોગિક અને આર્થિક વિકેન્દ્રીકરણનું માધ્યમ હતું, અને એના વિના અહિંસક સમાજ-રચના પણ અસંભવ હતી. પરંતુ ગાંધીજીના નિકટના સાથીઓ પણ આ સમજી કે ગ્રહણ કરી શક્યા નહોતા. તેથી તે વખતની કૉંગ્રેસ સરકારોની મદદથી એ બધા રચનાત્મક કામને નામે ઉત્પાદન અને વેચાણમાં પડી ગયા. ગામડાંમાં પેદા થયેલો માલ શહેરોમાં વેચી આમાંથી ગામના લોકોને રોજી આપવી એમાં એ નિષ્ઠાપૂર્વક લાગ્યા. પરંતુ બજાર એ મૂડીવાદી પ્રપંચ છે અને એમાં મોટી માછલી નાની માછલીને ગળી જાય, તેમ મોટી મૂડી નાની મૂડીને ગળી જાય એ બજારના કાયદાને માનીને એ ચાલ્યા. આમ આમાં રહેલી ક્રાંતિકારિતાનો આત્મા (Soul) વિસરાઈ ગયો અને ઉત્પાદન, ઉત્પાદનનાં સાધનો એ માટે સરકારી સખાવતો ગ્રાંટ, સબસિડી વગેરેમાં પડી ગયા. વસ્ત્ર-ઉદ્યોગનું અને તેવી જ રીતે તમામ ઉદ્યોગનું વિકેન્દ્રીકરણ, અને આ વાત સર્વોદય વિચારના પાયાના સિદ્ધાંત પૈકીની એક છે. આ વાત ગાંધીના સાથીઓ પકડી ન શક્યા.

હજી એક વાત જોઈ લઈએ. બહુ જાણીતો કિસ્સો છે. બાપુ એક નાની લોટીભર પાણી લઈ મોઢું ધોતા હતા. એમની પાણીની કરકસર જોઈ સાથીએ જરા ટીખળથી જ કહ્યું - બાપુ આટલી બધી કરકસર શા માટે ? બાજુમાં આટલી મોટી સાબરમતી વહે છે ને ! મોઢું એના તરફ ફેરવી એને સીધો જવાબ આપવાને બદલે બાપુએ પૂછ્યું: મારું મોઢું જોજે, ક્યાંય સાબુ કે કંઈ ડાઘો કે એવું રહી તો નથી ગયું? સાથીએ કહ્યું કે ના, કશું રહી નથી ગયું. એટલે બાપુએ કહ્યું, સાબરમતી ભગવાને મારે માટે નથી બનાવી, એ એની પોતાની મેળે છે, અને સૌને માટે છે. હું એમાંથી એટલું જ લઈ શકું જેટલું મારે તદ્દન જરૂરી છે. એથી વધારે લેવાનો કે વેડફવાનો મારો અધિકાર નથી.

આમાં સંકેત એ છે કે પ્રાકૃતિક સંસાધનો સૌને માટે છે, મનુષ્ય ઉપરાંત મનુષ્યેત્તર જીવ જંતુ, વનસ્પતિ વગેરે તમામ માટે છે, માનવને વિલાસિતાપૂર્ણ રીતે જીવવા માટે ગમે તેમ ઉડાડવાનો અધિકાર નથી. સમગ્ર સૃષ્ટિ પ્રત્યેના આ વલણમાં રચનાત્મક અહિંસક સંસ્કૃતિ રહેલી છે. ''સર્વેષામ્ અવિરોધેન''થી આગળ ''સર્વભૂત હિતે રતા:'' સુધી એ જાય છે.

માનવસમાજે સુખેથી જીવવું હશે અને બાકીની સૃષ્ટિને સુખેથી જીવવા દેવી હશે તો જીવનમાં સંયમની રીત અપનાવવી પડશે. નહીં તો એકની વિલાસિતા માટે હજારોએ એની નોકરી બજાવવી પડશે. આ માનવીય વ્યવસ્થા ન થઈ, અમાનવીય વ્યવસ્થા છે. હાલના આર્થિક સુધારા આધારિત વ્યવસ્થા ગાંધીની વાતથી તદ્દન ઊલટી છે. એને છોડ્યે જ છૂટકો. (સપ્રેસ)-

**- રવીન્દ્ર રુક્મિણી પંઢરીનાથ, ''લોકસ્વરાજ'' માંથી સાભાર.**

## ૩૦મી જાન્યુઆરી - નિર્વાણ દિન : ગાંધી વંદના

ગાંધીની સફળતાનું મૂળ એમના ધબકતા આત્મબળમાં અને અણખૂટ ત્યાગમાં રહેલું છે. એમનું જીવન એટલે જ અખંડ ત્યાગ. કોઈ સત્તાનો એમને લોભ નથી. નથી કોઈ મોહ હોદ્દાનો, ધનનો, નામનાનો કે કીર્તિનો. ત્યાગની એમની શક્તિ સવિશેષ દુર્જય બને છે, કારણ કે એમની અસીમ નિર્ભયતા સાથે એની ગાંઠ બંધાયેલી છે. મોટા મહારાજાઓ, શહેનશાહો, બંદૂકો અને સંગીનો, કારાવાસો ને યાતનાઓ - અરે મોત સુધ્ધાં ગાંધીના જુસ્સાને ડગાવી શકે તેમ નથી.

કદાચ એ સફળતા નહીં પામે. બુદ્ધ જેમ નિષ્ફળ નીવડ્યા, ઈશુ નિષ્ફળ નીવડ્યા તેમ એ પણ કદાચ માનવ જાતને અન્યાયના આચરણમાંથી વારી નહીં શકે. પરંતુ સદાકાળ માટે એ યાદ રહી જશે એક એવા નર તરીકે જેણે પોતાનું સમસ્ત જીવન આવનાર યુગો માટે એક દૃષ્ટાંત બનાવી મૂક્યું છે.

**- રવીન્દ્રનાથ ટાગોર, ''લોકસ્વરાજ'' માંથી સાભાર.**

## આ અંકમાં


| | | |
|---|---|---|
| રાજવાણી - શ્રી આચારંગ સૂકતામૃત - | મુનિશ્રી સંતબાલજી | ૧ |
| આજે ગાંધીજી હોત તો-ગાંધી વંદના - | રવીન્દ્ર પંઢરી નાથ | ૨ |
| પ્રેમનો પીયાલો તમને પાઉ ને પીઉ-ભા.૯મો. | તંત્રી | ૩-૪ |
| શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી | - નેમચંદ ગાલા | ૪ |
| મુસ્લિમ ધર્મમાં ગોપાલન | - પ્રાણજીવન કાલરિયા | ૫ |
| જનકપુરમાં ભેંસો રાખવા પર પ્રતિબંધ છે | | ૬ |
| માટલિયાનું માલપરા પ્રસંગ-૧ અને ૨ | -હીરજીભાઈ ભીંગરાડિયા | ૭ |
| કુદરત આગળ માનવી વામણો | - નીતિન કોઠારી | ૭ |
| નરકાસુર આજે પણ જીવે છે. | - ગુણવંત શાહ | ૭ |
| જ્ઞાન કરતાં કલ્પના શક્તિ વધારે મહત્વ પૂર્ણ છે. | | ૮ |
| ગૌ-પ્રેમીઓનું સંમેલન. | - શાંતીલાલ ગડા | ૮ |
| સંસાધનો દેશની માલિકીના છે- ૯૯નો ધક્કો | | ૯ |
| ધર્મમાં ઉધારીને સ્થાન નથી. | - વત્સલ વસાણી | ૧૦ |
| મહાજન ગૌશાળા, લવાજમ - એક ફૂલ | -મીરાબેનને શ્રધ્ધાંજલિ | ૧૧ |
| સત્કાર્યને પ્રચારની શી ગરજ ? | - રોહિત શાહ | ૧૨ |


**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...**
**શ્રીમદ્ રાજચંદ્ર**

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.૯મો

૩.૮.૯૬ નો ફોન આવ્યો જલ્દી આવો બા કોમામાં ચાલી ગયેલ. હોસ્પિટલમાંથી બાને ઘરે લઈ આવેલ. પલંગના એક ખુણે બાનો હાથ હાથમાં પકડીને બેઠો રહ્યો અને મૌન વાણીથી બાના ચૈતન્ય સાથે એક પ્રવાહ વહેવો શરૂ થયેલ. એ પછી ડાયરી બોલે છે. પાના નં. ૬૦થી

''૪.૮.૯૬ ના વહેલી સવારે આત્મામાં ઝબકારો થયો અને પ્રસંગ વિષે ઝલક મળી. એક ક્ષણમાં આખુ ચિત્ર સ્પષ્ટ નજરે આવ્યું.

દ્રષ્ટાભાવમાં રહેવાની સાધના ચાલી રહી છે. એ માટે વિચારેલ કે અનુબંધ દિવસે ભીડમાં કેમ રહેવાશે તેનો પ્રયોગ કરવા મળશે. પણ ઈશ્વર એટલા દિવસની રાહ જોવા તૈયાર નહોતો અને આ બાનો પ્રસંગ ઊભો કરી દીધો. અને મુંબઈમાં લાવી મુક્યો. આ ભીડ, આ અંતકાળની બાની સ્થિતિ, આ બધા સગા વહાલાં બધું છે છતાં એમ જ સઘળુ દ્રષ્ટાભાવે જ જોઈ રહ્યો છું. અંશમાત્ર ચિતમાં વિચલિતતા નથી. એમ જ અંતરની લય સતત ચાલી રહી છે. બાનો છેલ્લો પત્ર અનકાઈથી લખેલ મળેલ. તેમાં શુભાષીશ મળેલ કે તમોને ગુરૂકૃપાએ તમે ધારો છો તેવી સ્થિતિ પ્રાપ્ત કરો. જે સ્થિતિ કૃપાળુદેવ પોતાની ઈચ્છતા હતા તેવી સ્થિતિ સ્થિરતા આ આત્માએ મેળવેલ છે એમાં કિંચિત સંશય નથી. ઈશ્વરની કૃપા તો જુઓ. જે ઘડીએ મને સમાધિમાં સ્પષ્ટતા થઈ, એટલે કે ૩.૮.૯૬ના સમાધિસ્થળે નિંદામણ કરતાં કે આત્માએ ત્રણે યોગની સ્થિરતા પ્રાપ્ત કરતો જાય છે અને આ ચરિત્ર પ્રગટ્યું છે અને આમ જ્ઞાન-દર્શન-ચરિત્રનો સુભગ મેળ થઈ ગયો છે એ જ સમયે બા અહીં કોમામાં સરી જાય છે. એક ક્ષણના વિલંબ વિના એ જ સમયે બાના સમાચાર મળે છે ચિંચણમાં ફોન દ્વારા અને આ રત્ન ચિંતામણી કરતાં પણ અમુલ્યફળને બાના ચરણમાં મુકવાનો યોગ કરી દીધો. સર્વ પ્રથમ એની અધિકારી માતા જ ગણાયને? આમ પલંગના ખુણે બેસવાનું રહસ્ય ૪.૮.૯૬ ના વહેલી સવારે ખુલી ગયું.

એમનો કેવો પ્રચંડ પુણ્યોદય છે કે ભલે અજ્ઞાન અવસ્થામાં તેના ત્રિયોગ સ્થિર થયા છે પણ આવા સમયે આવો ચૈતન્ય સભર પુરુષ તેમના ચરણે બેઠો છે. સતત તેમને વંદન કરી રહ્યો છે અને પોતાનો ચૈતન્યપ્રવાહ નિરંતર તેમના આત્મામાં રેડી રહ્યો છે. એ કેટલે અંશે ઉપયોગી થાય તેનું શાસ્રીય રીતે મને જ્ઞાન નથી, જાણ નથી પણ એ ઉપયોગી થાય એમાં મને અલ્પમાત્ર સંશય નથી. આવો સુભગ માતૃવંદનાનો યોગ ઈશ્વરે કરી આપ્યો એનો સતત આનંદ છે. હું આવ્યા પછી એમણે મને જોયો નથી. એમને ખબર નથી કોણ આવ્યું? કોણ ગયું? શરીર જડ થઈ ગયું છે અને ચૈતન્ય ધબકી રહ્યું છે આ માટે પણ મને રંજ નથી થયો કે બાએ એક શબ્દ તો મારી સાથે બોલ્યા હોત તો સારું. એક મીઠી નજરે નીહાળ્યો હોત તો કેવું સારુ થાત આવો કશો જ વિચાર પણ ઉઠ્યો નથી. બસ આ સ્પષ્ટ ચિત્ર પછી હું તો મોટે ભાગે બાના ચરણે જ બેસી રહું છું અને તેમનો હાથ મારા હાથમાં રાખી મૌનવાણીથી તેમના આત્માને જગાડી રહ્યો છું બધા આડોશી પાડોશી સગાવહાલાં સતત આવી રહ્યાં છે. આમ બાનો સ્વભાવ સેવાભાવી રહ્યો. મોટે ભાગે સાધુ સંતો પ્રત્યે અને ખાસ કરીને વેશધારી સાધુઓ પ્રત્યે તે હંમેશા ખેંચાયેલા રહ્યા. તેમનું જીવન એમની વૈયાવચ્ચમાં વધારે રહ્યું. કોઈને ત્યાં કામ પડ્યું છે, કોઈ માંદા છે, કોઈ બીમાર છે, બા તરત ત્યાં હાજર હોય. એમ કહું કે જીવતીબેન ત્યાં સહુ પ્રથમ હાજર થઈ ગયા હોય જ એવું એમનું જીવન રહ્યું. છેલ્લે અહિંથી જતા પહેલા ચંપકલતાબાઈ સ્વામીના સંથારા વખતે તો એ સંથારામય જ બની ગયા. માજીએ સંથારો લીધો હતો અને બા સતત તેમને ઘરે પ્રાર્થના-ભજન-જાપ કરતાં રહ્યા. સવાર સાંજ માજીને પ્રતિક્રમણ કરાવવામાં બાનો ભાગ રહ્યો. કુટુંબ પ્રત્યે અત્યંત વાત્સલ્ય ભાવ આજે અહીં હોય, કાલે ક્યાં હોય, બસ કોઈને કોઈકને મળવા જ કે સાધુસંતોના દર્શન માટે બા સતત દોડતા રહ્યાં. ક્યારેય નિરાંતે બેઠા નથી. જે સમજીને ધીરજથી સ્થિર થતા નથી તેને ઈશ્વર આમ સ્થિર કરી દે છે. ઈશ્વરની આ લીલા જોઈને મને હસવું આવી રહ્યું છે. બધા બાનું આ ધર્મમય જીવન જોઈને કહે છે કે જુઓ તો ખરા ધર્મી જીવને કેવો યોગ આવ્યો છે. બધા જ્ઞાની છે એમ કહે છે કે, ''કર્મ કોઈને છોડતા નથી. બધાએ ભોગવવા પડે છે.'' એક ભાઈ કહે, ''ભગવાનની શ્રધ્ધા ડગી જાય એવું છે. મોત દેવું હોય તો સીધું શા માટે નથી આપતા? આવું શા માટે કરે છે?''

અરે પામર જીવો! તમારા આ ડહાપણને હું શું કહું? આ બાની વૈયાવચ્ચ, સેવાવૃતિ, સાધુસંતો પ્રત્યે પ્રચંડ આદરભાવ પ્રેમ, કુટુંબ વાત્સલ્ય સર્વનો એક સામટો ઈશ્વરે બદલો આપ્યો છે. બાનો આ પ્રબળ પુણ્યોદય છે. ભલે મન જડ થઈ ગયું છે, શરીર જડ છે પણ અંદરનું ચૈતન્ય હજીએ શરીરમાં ધબકી રહ્યું છે. ત્રિયોગ સ્થિર થયા છે ત્યારે આવો ચૈતન્ય સભર પુરુષ તેમના ચરણે બેઠો છે. આવો યોગ તો ભલભલા સંતોને પણ મળવો દુર્લભ છે એવો યોગ બાને મળ્યો છે. આ કેવો પ્રબળ પુણ્યોદય? અને જગતને દેખાય છે કે બાના વેદનીય કર્મ ઉદય આવ્યા છે. જો કે આ કોમા અવસ્થા શાતા વેદનીયનીજ અવસ્થા ગણાયને? એ જીવને ક્યાં કોઈ પ્રત્યે રાગ દ્વેષ કે કંઈ કરવાપણું રહ્યું છે. જગતના જીવોને આ ક્યાંથી સમજાય? ક્યાં મારો આ બાહ્યવેશ અને ક્યાં અંતરમાં ધધુકી રહેલી પ્રચંડ ત્યાગ-વૈરાગ્યમય અજ્ઞાન દશા રહિત દશા? ક્યાંથી ઓળખાય? શક્ય નથી. એક હું જાણું છું અને બીજા જાણે છે મારા પરમાત્મા, એક તુંહી' તુંહી' લય સતત ચાલી રહી છે. પરમ પરમાત્મા કૃપાળુદેવના કૃપાના ભારમાં દિવસે દિવસે દબાતો જાઉ છું. આ ઋણ મુક્તિ આ ભવે કે ક્યારેય શક્ય નથી.

૨૯.૭.૯૬ પછી એક પણ દિવસ એવો નથી બન્યો કે જ્યારે કોઈ અલૌકિક ઘટના નથી બની. નાના નાના બહુ સુક્ષ્મ બનાવો છે પણ કેટલું રહસ્ય છે? આ કુદરતના રહસ્યને ક્યારેય પુરૂ કોઈ પામી શક્યું નથી અને પામવું શક્ય નથી. બસ કુદરતની યોજનાઓ અદભૂત હોય છે એ આપણી સમજની બહારની વસ્તુ છે. નિસર્ગધાર્યુ જ થાય છે એવી દ્રઢ શ્રધ્ધા હવે થતી જાય છે.

મને લાગે છે બાને જીવનની અંતિમ પળોમાં જે ઈચ્છા હતી તે પુરી કરવાનો યોગ મળ્યો છે. આમ તો બાને દીક્ષા લેવાની ઈચ્છા હતી પણ મા અને માતામહની રજા ન મળી. તેથી અનિચ્છાએ સંસાર માંડ્યો, કર્તવ્યો બજાવ્યા. પણ આ અંજપો સતત એમના હૃદયમાં રહ્યો હશે એમ મને આજે સમજાય છે. આ અંજપા એ ગમે તેમ ગમે ત્યાં દોડાવ્યા હશે અને આ અંજપાએ, તીવ્ર ઝંખનાએ અંતિમક્ષણોમાં ઈશ્વરે એની ઈચ્છા પુરી કરવાનો કેવો પ્રબળ સુભગ સુયોગ આપ્યો. જીવનની આ પરમ ક્ષણે માતૃ વંદના નો આવો યોગ આપવા માટે હે ઈશ્વર તારો કેટલો ઉપકાર માનુ? દ્રષ્ટાભાવમાં રહેવા, ભીડમાં રહેવાથી કેમ સ્થિતિ થાય છે તે માટે અનુબંધ દિવસ સુધી પણ ઈશ્વરે રાહ ન જોવડાવી અને આજે જ દિવસે ચિંચણથી મુંબઈમાં લાવી મુકી

દીધો અને પ્રયોગ એમ કહે છે કે સમાધિમય દશા એમ જ નિરંતર રહે છે. એમાં લેશ માત્ર ફેર નથી થયો હું સતત મારા અંતર પરિણામ પ્રત્યે જાગૃતિ સાથે જોડાયેલો જ રહું છું. આવા સમયે મૌન ચાલી રહ્યું છે એ કેટલું બધું ઉપકારી છે એ આજે હવે સમજાય રહ્યું છે. ક્ષણે ક્ષણે કૃપાળુદેવ પ્રત્યે જ ભાવ વધતો રહે છે. એમની સાથે એક અભિન્નત્વ સધાયેલ છે.

૮.૮.૯૬ બપોરે ઘરમાં બધા બેઠા હતા. હું બા માટે મોસંબીનો રસ કાઢી રહ્યો હતો. મેં કીધું જુઓ તો ખરા બાને કેમ છે ? જોયું તો જડ દેહ રહ્યો હતો બાનો આત્મા તો નીકળી ગયો હતો. મૃત્યુની વેદના જેવું કોઈ પણ ચિહ્ન પણ ન દેખાયું. બધા બેઠા હતા ને સાવ સહજ, ન મોઢામાંથી ફીણ, ન આંચકી, ન પેશાબ, ન થુંક બસ એમ જ કોઈને અંશમાત્ર ઈશારો પણ ન મળ્યો અને બાએ વિદાય લીધી.''

બાના સમાધિમરણ પછી પણ મૌન ચાલુ રહ્યું. અને થોડી કોટુંબિક વિધિઓ પતાવીને ૧૩.૮.૯૬ ના પાછા ચિંચણ મુકામે મૌન સાધના આગળ વધી.'' ડાયરી પાના નં.૬૦/૬૧/૬૨

આ પ્રસંગ વિષે માટલિયાજી ૮.૮.૯૬ના પત્રમાં લખે છે.

''બા કોમામાં સરી ગયા છે. તમે તેની સેવા તથા ઋણ ચુકવવાના કર્તવ્યમાં હાજર રહ્યા તે ખૂબ જ અને સમજણપૂર્વકનું કાર્ય કર્યું છે. કોમામાં દ્રવ્યેન્દ્રિયો પાંચેય, મન વચન કાયાના પ્રાણો થંભી ગયા હોય છે ફક્ત શ્વાસોચ્છવાસ અને આયુષ્ય પ્રાણ બેની જ હલનચલન હોય છે. પણ ભાવપ્રાણ ચૈતન્યપ્રાણ તો ધબકતો હોય છે. આયુષ્યકર્મ પુરુ થાય એટલે છેલ્લા સમયમાં જે કર્મોનું આયોજન ગોઠવાય તેને કાર્મણ ને સૂક્ષ્મ એટલે તેજસ શરીરને લઈને જીવાત્મા નવો જન્મ ધારણ કરે છે. આત્મા તો અજર અમર છે માત્ર ખોળિયું બદલાય છે એ ચૈતન્યને ભાવના આંદોલનો વધારે ભાવવાહી બની સામા ચૈતન્યને આલિંગે છે. ચેતનને સ્પર્શ ચેતનાનો જ હોય તેથી બાની છેલ્લી ક્ષણોમાં તમારો ભાવવાહી સ્પર્શ તેને સાતા દાયક નીવડશે. પત્ર મળે ત્યારે પણ એ સ્થિતિ હોય તો મારા વતી ''ૐમૈયા શરણમ્ મમ્'' ના ત્રણ જાપ જપી તેની ભાવેન્દ્રિ તો કામ કરતી હોય છે, તેથી તમારા ભાવને જાપ અંતિમ શ્વાસ સુધી સંભળાય તેમાં મારી ભાવના પહોંચાડશો અનંતજ્ઞાન-દર્શન-ચારિત્રની અનંતવીર્ય શક્તિ તે મૈયા અને તેના ધારક જિન તે ૐ એમ જિનેશ્વરને તેની અનંતશક્તિ એ જ સાચું શરણ છે એ ભાવના આપશો. તમે તો તે આપી જ રહ્યા છો.

માતુશ્રીની ચિર વિદાય થયાનો ફોન મળ્યો. બધા વચ્ચે નિર્લેપતા રહે છે તે સુંદર ભૂમિકા છે મને હજુ તે પ્રાપ્ત થઈ નથી. છતાં તમને લખ્યા જ કરું છું. મૈત્રી છે તે મન ખોલે છે.''

માટલિયાજી, તા.૧૩.૮.૯૬ ના પત્રમાં લખે છે.

''મારા બે પોષ્ટકાર્ડ મળી ગયા હશે જેમાં ચેતન ચેતનને જ સ્પર્શી શકે છે અને ભાવેન્દ્રિયો ઠેઠ સુધી જાગૃત હોય છે તેમ લખેલ એટલે તમારો માતુશ્રીને આપેલો સ્પર્શ સાર્થક થયો. માતુશ્રીની જીવન ઝરમર વાંચી- ત્યાગ સંયમ તો જીવનમાં વણેલા જણાય છે. સંયોગ પ્રમાણે દાનની ઉદારતા અને જીવનની છેલ્લી ઘડી એટલે કે મુર્છા આવવી શરૂ થઈ ત્યાં સુધી સાધુઓના સત્સંગમાં રહ્યા અને છેવટે તમને તમારા કામના આશીર્વાદ આપ્યા એ રીતે તમારી ધર્મ પ્રધાન વૃત્તિનું મૂળ માતાજીમાં રહેલ છે તે સમજાયું. યોગભ્રષ્ટ સાધકનો જન્મ પુણ્યશાળી ધર્મવાન કુટુંબમાં થાય છે. આ બધા પ્રસંગોમાં તમે નિર્લેપ રહી શક્યા એ જ પૂર્વ અને આ જન્મની કમાણી માનવી.

તમારો નિત્યક્રમ ચિંચણમાં ચાલુ થઈ ગયો હશે પ્રાર્થનામાં અવશ્ય જવું તે ઘણું બળ આપશે પછી ગૌશાળાની સફાઈ પતાવી નીકળી જવું. લી. માટલિયાના પ્રભુસ્મરણ-''

આમ માતુશ્રીની વિદાયનો પ્રસંગ પુરો થાય છે અત્યંત ભીડમાં પણ અસંગતાનો સફળ પ્રયોગ થયો. **ક્રમશઃ**

# શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી

ગાંધીજી એ અનેકવાર કહ્યું છે કે, તેમના જીવન પર ઊંડી છાપ પાડનાર ત્રણ પુરુષો - ટૉલસ્ટૉય, રસ્કિન અને રાયચંદભાઈ. પણ ટૉલસ્ટૉય અને રસ્કિન કરતાં પણ શ્રીમદે તેમના પર ઊંડી અસર કરી છે. શ્રીમદ્‌ના વાણી, આચાર, વિચારની ગાંધીજી પર એવી અસર ઊભી થઈ હતી કે, તેમણે ૩૬ વર્ષે રાત્રિભોજનનો ત્યાગ કર્યો હતો. તેઓ ઉકાળેલું પાણી જ પીતા. જમતી વખતે માત્ર પાંચ વાનગીઓ ખાતા. તેથી જ વલ્લભભાઈએ એક વખત પ્રવચનમાં કહ્યું કે નખશિખ જૈન સાધુ જોવો હોય તો ગાંધીજીને જોઈ લ્યો.

શ્રીમદ્ પાસેથી ગાંધીજી સમય, શબ્દો અને ઈચ્છાનો સંયમ ઉપરાંત મૌનની વાણી અને વાણીનું મૌન, એમની જીવનચર્ચા અને લખાણો જોઈને પામ્યા. શ્રીમદ્‌ના સુંદર અક્ષરો જોઈ ગાંધીજીએ પોતાના ખરાબ અક્ષરો સુધારવાની ઘણી કોશિશ કરી, પણ પાકે ઘડે કાંઠા ચડે ? ગાંધીજી અને શ્રીમદ્‌ની લેખનશૈલીમાં જે મહત્વનું સામ્ય છે, તે ભાષાની મૃદુતા, સરળતા, ચોકસાઈ, સચોટતા અને અસરકારકતા. શ્રીમદે ૧૬મા વર્ષે રચેલી 'મોક્ષમાળા' વિશે લખ્યું છે કે, 'મોક્ષમાળાના પાઠ અમે માપી માપીને લખ્યા છે' ગાંધીજીએ 'ઈંડિયન ઓપિનિયન' માંના પોતાનાં લખાણો અંગે કંઈક આવી જ વાત કરી છે. તેમણે કહ્યું, 'એમાં એક પણ શબ્દ મેં વગર વિચાર્યે, વગર તોળ્યે લખ્યો હોય એવું મને યાદ નથી' ઈ.સ. ૧૯૦૧માં શ્રીમદનો દેહોત્સર્ગ થયો. ત્યારબાદ પચ્ચીસ વર્ષ પછી ૧૯૨૬માં ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' પ્રગટ થઈ. તેના બીજા ભાગના પ્રથમ પ્રકરણનું શીર્ષક છે : 'રાયચંદભાઈ'.

શ્રીમદ્‌ની જયંતી પ્રથમવાર અમદાવાદમાં ઉજવાઈ એ સમારંભના ગાંધીજી પ્રમુખ હતા. સમારંભના બીજે દિવસે પરોઢના ચાર વાગે ગાંધીજીએ શિવજીભાઈને શ્રીમદની રચના 'અપૂર્વ અવસર' ગાવા બોલાવ્યા શિવજીભાઈએ ખૂબ તન્મયતાથી ગાયું. ગાંધીજી પ્રસન્ન થયા. પછી વાતવાતમાં તેમણે શિવજીભાઈને કહ્યું, 'ભાઈ આજે જો જીવતા હોત તો મને રાજકારણમાં પડવા દેત નહી.' શ્રીમદ્‌ને ગાંધીજી 'ભાઈ' પણ કહેતા. નરસિંહ મહેતાનું 'વૈષ્ણવજન' તેમને જેટલું પ્રિય હતું તેટલું જ 'અપૂર્વ અવસર' પણ એમનું મનગમતું હતું.

'અપૂર્વ અવસર' એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ;
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને
વિચરીશું કવ મહત્ પુરુષને પંથ જો ?

તો આવો હતો બે અનન્ય સતપુરુષોનો સંયોગ.

**- નેમચંદ ગાલા, ('શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી' માંથી સાભાર)**

# મુસ્લિમ ધર્મમાં ગોપાલન

મોગલકાળમાં અબુલફઝલે આઈનેઅકબરીમાં લખ્યું છે કે હિંદુસ્તાનમાં બધે ગાય પવિત્ર અને શુકનવંતુ પ્રાણી ગણાય છે. આખા સામ્રાજયમાં ઉત્તમ પશુઓ થાય છે, પણ ગુજરાતમાં થતા પશુઓ ઘણા જ તંદુરસ્ત અને શ્રેષ્ઠ છે. ગુજરાતનાં બળદ ૨૪ કલાકમાં ૧૨૦ માઈલ કાપે છે, અને દોડવામાં ઝડપી ઘોડાને પણ આંટી જાય છે. બળદની એક જોડી દશ-વીસ મહોરમાં વેચાય છે પણ શ્રેષ્ઠ બળદની ૧૦૦ મહોર ઉપજે છે. કેટલીક ગાયો તો રોજ અડધો મણ કે તેથી વધુ દૂધ આપે છે. મુસ્લિમ ધર્મમાં પણ ગાયને પુજનીય ગણેલ છે. ગાયોની રક્ષા માટે ઘણા મુસ્લિમ લોકોએ પણ પ્રાણની આહુતિ આપેલ છે. કચ્છમાં આવેલી હાજીપીરની દરગાહ ગાયનાં રક્ષણ માટે આપેલ આહૂતિની સાક્ષી પુરે છે. કચ્છનાં લગભગ દરેક ગામમાં ગાયોનાં ગોવાળ મુસ્લિમ હોય છે.

ભારતમાં ઘણા મુસ્લિમ રાજાઓ એ ગોવધબંધીનાં ફરમાન કરેલા છે. મોગલવંશનાં ઘણા રાજાઓ ગોવધની સખત વિરુધ્ધ હતા. મોગલવંશનો પ્રથમ શાસક બાબર ગોસેવક હતો, તેણે ગોવધનિષેધનો કડક કાનુન અમલમાં મુક્યો હતો, અને પોતાના પુત્ર હુમાયુને ગોપાલન, ગૌસેવા અને ગૌ ઉધ્ધારનાં પ્રયત્ન કરવા જણાવ્યું હતું. હુમાયુની માતાનું અવસાન હુમાયુ ખુબ નાના હતા ત્યારે જ થઈ ગયું હતું. આથી તેનું પાલનપોષણ ગાયનાં દૂધથી જ કરવામાં આવેલું. આંથી તેઓ ક્યારેય ગોમાંસ ખાતા નહીં, અને પોતાના રાજ્યમાં ગોવધ ઉપર પ્રતિબંધ લાવતો કડક કાયદો અમલમાં હતો. અકબર પણ સર્વધર્મસમભાવમાં માનતા હતા. તેમણે ગોવધ કરનારનાં હાથ અને પગની આંગળીઓ કાપી નાખવાની સજા અમલમાં મુકેલ હતી. બાદશાહ અકબર ગોસુરક્ષાનું મહત્વ સમજતા હતા. તેમણે કૃષ્ણની ભુમિ વ્રજમાં તો જીવહિંસા ઉપર પણ પ્રતિબંધ મુકેલો. ત્યાર બાદ આવેલ બાદશાહ જહાંગીરે તો ગોવધ કરનારને મૃત્યુદંડની સજાનું ફરમાન કરેલું, તેથી તમામ રાજ્યમાં ગોહત્યા બંધ થઈ ગઈ હતી. જહાંગીર પછી શાહજહાં એ પણ ગોવધ નિષેધનો કાયદો કડકપણે અમલમાં રાખેલ.

ગૌપ્રેમી મુસ્લિમોનાં ઘણા કિસ્સા નોંધાયેલા છે. સૌરાષ્ટ્રમાં ગોંડલ પાસે આવેલ કોટડાસાંગાણીમાં એક મુસ્લિમ ગૌપ્રેમી પોતે નિવૃત શિક્ષક છે. હવેલી સંપ્રદાય જુનાગઢનાં પુ.શ્રી કિશોરબાવાજી મહારાજે તેમની ગૌસેવાની પ્રશંસા કરી શાલ ઓઢાડી તેમનું બહુમાન કરેલ છે. જેસલમેરનો હાજી મેહરદીનનો દાખલો આજે પણ નજર સામે જોવા મળે તેમ છે. છેલ્લા ૧૫ વર્ષથી જેસલમેર (રાજસ્થાન)નાં આ હાજી મેહરદીન પુરા પવિત્ર રમજાન માસ દરમ્યાન રોજા રાખી ગાયોની સેવા કરે છે. હાજી મેહરદીન રમજાન માસમાં આખો દિવસ ભુખ્યા પેટે શહેરમાં હાથલારી લઈને ગાય માટે રોટલી, ગોળ કે અન્ય આહાર લેવા ફરે છે. હાથલારીને ગોગ્રાસ રથ નામ આપેલ છે. (દરેક હિન્દુએ ભોજન કરતા પહેલા ગૌમાતા માટેનો હિસ્સો અલગ કાઢવો જોઈએ જેને ગૌગ્રાસ કહેવાય છે). જેસલમેર શહેરમાં આ ગોગ્રાસ શેરીએ શેરીએ ફરીને હાજી મેહરદીન એકત્ર કરે છે. ગોગ્રાસ રથમાં રાખેલ ઘંટડીનો અવાજ આવતા જ લોકો રોટલા આપવા દોડી આવે છે, તેમનો ફરવાનો ક્રમ અને સમય નક્કી છે. લોકો હાજી મેહરદીનની આતુરતાથી રાહ જોવે છે, અને તેમને યથાશક્તિ રોટલી, ગોળ કે ખોરાક આપે છે. તેઓ દરરોજ ૧૫ થી ૨૦ કિલોમીટરની સફર કરે છે, અને સાંજે ચાર વાગ્યે રાજસ્થાન ગોસેવા સંઘની ગૌશાળામાં જઈને પોતાના હાથે ગાયોને રોટલી તથા ગોળ ખવડાવે છે. સાંજે ત્રણ કલાક સુધી ત્યાં ગાયોની સેવામાં ગુજારે છે. હાજી મેહરદીન માને છે કે ગાયોની સેવાથી ખુદા રાજી થાય છે.

તમામ ધર્મોએ ગાયનું મહત્વ સ્વીકારી તેની ઉપયોગીતા સમજી તેના રક્ષણ માટેની આજ્ઞા કરેલ છે. મુસ્લિમ ધર્મ, જૈનધર્મ, બૌધ્ધ ધર્મ, શીખ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, યહુદી ધર્મ  વગેરે ધર્મોએ ગાયની મહાનતાનો સ્વીકાર કરેલ છે.

**ગોરક્ષા વિના માનવરક્ષા સંભવ નથી-મહાવીર સ્વામી**
**ગોવંશની હત્યા એ માનવ હત્યા જેટલું જ પાપ છે-ઈસુ ખ્રિસ્ત**
**હિંદુસ્તાનની સભ્યતાનુ નામ જ ગૌસેવા છે-વિનોબા ભાવે.**

**- લે.પ્રાણજીવન કાલરિયા, ''સંસ્કૃતિનો પ્રાણ, ગોપાલન''માંથી**

# ગાયપ્રેમી જનકપુરમાં ૪૫ વર્ષથી ભેંસો રાખવા પર પ્રતિબંધ છે

ગુજરાતના કચ્છમાં આવેલા બન્ની પ્રદેશની ભેંસ સમગ્ર ગુજરાતમાં વખણાય છે પરંતુ કચ્છમાં આવેલું એક એવું ગામ જ્યાં પશુપાલકો અને ગ્રામજનો એ ભેંસ રાખવા પર પ્રતિબંધ મુક્યો છે. આ ગ્રામ માડંવીથી ૨૪ કિ.મી. અબડાસા હાઈવે ઉપર આવેલું ૫૦૦ લોકોની વસ્તી ધરાવતું જનકપુરા છે. આ ગામમાં છેલ્લા ૪૫ વર્ષથી પશુપાલકો માત્ર ગાય જ રાખે છે. હાલમાં જનકપુર ગામમાં ૨૦૦ જેટલી ગાયો છે અને ગામના તમામ લોકો ગાયનું દુધ જ આરોગે છે.

આ અંગે ગામના સરપંચ ગોવિંદભાઈ કહે છે કે ૪૦ વર્ષ પહેલા અમારા ગામના પશુપાલકો ભેંસ રાખતા હતા. પરંતુ ભેંસનું દુધ આરોગવાથી લોકોમાં આરોગ્યને લઈને કેટલીક સમસ્યાઓ ઉભી થઈ હતી. તેથી ગામના તમામ લોકોએ ભેંસનું દુધ આરોગવાનું બંધ કરી દીધુ અને ભેંસ રાખવા પર પ્રતિબંધ લાવી દીધો. ત્યારથી લઈને અત્યાર સુધી ગામમાં દરેક પશુપાલક માત્ર ગાય રાખે છે. જનકપુરા ગામમાં ૨૦૦ જેટલી ગાય માટે એક ગૌશાળા બનાવવામાં આવી છે. જેમાં સવારે ગામની તમામ ગાય આ ગૌશાળામાં એકઠી થાય છે. અહી ગાય માટે ઘાસચારો અને પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. ત્યાર બાદ ગાયો ગામની આસપાસ આવેલા જંગલ વિસ્તારમાં ચરવા માટે જાય છે.

આ ગામના લોકો માને છે કે, ભેંસ જંગલી પ્રાણી છે અને જંગલી પ્રાણીનું દુધ આરોગવાથી આરોગ્યને નુકસાન પહોચે છે. જ્યારે આપણા ધાર્મિક પુસ્તકોમાં ગાયને પવિત્ર પ્રાણી તરીકે દર્શાવવામાં આવ્યું છે. ગાયના દુધના સેવનથી અનેક રોગો મટે છે અને આરોગ્યમાં વૃદ્ધિ થાય છે. આમ ગાય અને ભેંસની સરખામણીમાં ગાયને ચડિયાતી સમજતા હોવાથી જનકપુરા ગામમાં કોઈ પણ પશુપાલક ભેંસ રાખતો નથી. ગુજરાતમાં જ્યારથી પંચાયત રાજ અમલમાં આવ્યું ત્યારથી જનકપુર ગામમાં એક પણ વાર સરપંચની ચૂંટણી થઈ નથી. અત્યાર સુધીના સરપંચની ચૂટણીમાં જનકપુર ગામની પંચાયત સમરસ બની છે.

**- સાભાર ગુજરાત સમાચારમાંથી.**

## માટલિયાનું માલપરા

## ૧.ઉદારતાની ઊંચાઈ અને ઘડતર બાબતની ચિંતા

૧૦ માં ધોરણમાં અમે ૬ વિદ્યાર્થીઓ. પ્રવાસમાં મુંબઈ જવાનું ગોઠવાયેલું. સૌને કંઈક ને કંઈક કામની સોંપણી થયેલી. મારે ભાગે ખજાનચીનું કામ આવ્યું. રકમ સાચવવાની, જરૂરી ખર્ચ કરવાનો અને તેનો હિસાબ રાખવાનો. સમયનો ભોગ આપે, પૈસા ખર્ચે અને માટલિયાભાઈનો પડ્યો બોલ ઝીલે એવાં કુટુંબો મુંબઈમાં ઘણાં. અમને તો એની મોટરમાં બેસાડી બધે ફેરવે, જોવાલાયક સ્થળો દેખાડે, સારી સારી હોટલોમાં અવનવી વાનગીઓ ખવડાવે અને અમને બધી જગ્યાએ ખર્ચ કરવાથી બચાવે. પણ માછલીઘર જોવા અમે એકલા ગયેલા. પ્રવેશ ટીકીટ લઈ બાકીની વધેલી રકમ ઝભ્ભાના બાજુના લટકતા ખિસ્સામાં મૂકી, રંગબેરંગી અને નાની-મોટી માછલીઓની અજાયબી જોવામાં એવા તો તલ્લીન થઈ ગયા કે કોઈ ઉઠાવગીરે મારા ખિસ્સાનો ભાર ક્યારે હળવો કરી નાખ્યો તેની ખબર રહી નહીં. 'ખિસ્સું કપાઈ ગયું' એવો ખ્યાલ આવતાં મોઢું પડી ગયું. તે વખતના ૪૨ રૂપિયા! કંઈ નાની રકમ થોડી કહેવાય? સાંજે રડમસ અવાજે માટલિયાભાઈને વાત કરી. પાસે ખેંચી લીધો. વાંહામાં હાથ ફેરવી ઉદ્વેગ મિટાવી દીધો. 'એમાં કંઈ રડવાનું હોય ગાંડિયા! થઈ ગયું તે થઈ ગયું. જાવ, ભૂલી જાવ બધું. આનંદ કરો. હવે ધ્યાન રાખજો.' પણ મને ક્યાંય ચેન પડે નહીં. તે દિવસે ફોન તો હતો નહીં. આ મેં મારા પિતાજીને પત્ર લખી જણાવ્યું. અમે અમુક તારીખે માલપરા પાછા ફરશું.' પ્રવાસ પૂરો કરી માલપરા પરત પહોંચ્યા તે જ દિવસે મારા બાપા માટલિયાભાઈ પાસે આવ્યા અને ૪૨ રૂપિયા તેમના હાથમાં આપ્યા.

'શાની રકમ છે?'

'મારા હીરજીની જવાબદારીમાં મુંબઈમાં સંસ્થાની રકમ ચોરાઈ ગયેલી ને? તે.'

'અરે, ભીખાભાઈ! એ પૈસા હીરજીના નથી ગયા, અમારા પ્રવાસીઓના ગયા છે. એ તો અમારો ખજાનચી હતો. આવા કામ કરનારને અંગત દંડ ભરવો પડે તો તો કાલ ઊઠી કોઈ સામૂહિક કામ કરશે જ નહીં. અને ખિસ્સાં તો મુંબઈમાં ભલભલાના કપાઈ જાય છે. આ તો નાનું છોકરું કહેવાય. અને આ છોકરો તો તમે મને સોંપેલો છે ને! એનામાં કશી કચાશ દેખાય તો એમાં ખામી અમારી ગણાય. હીરજીએ એ પૈસા ચૂકવી દેવાનું તમને લખ્યું તે બદલ તેને ધન્યવાદ, અને તમે એ આપવા આવ્યા તે માટે તમને સવાયા ધન્યવાદ. આ વાત હવે મનમાંથી કાઢી નાખજો.' આ હતી માટલિયાભાઈની ઊંચાઈ અને બાળકોના ઘડતરની ગુરુચાવી.

## ૨. એમના પરની શ્રદ્ધા મોટું કામ કરી ગઈ

હું દસમા ધોરણમાં ભણું. મારાથી નાનો ભાઈ નરશી આઠમામાં અને એથી નાનો ભાઈ રામજી છઠ્ઠા ધોરણમાં. ત્રણેય લોકશાળાના છાત્રાલયમાં રહીએ અને સંસ્થાના રસોડે જમીએ. નરશીને બગલમાં બાંબલાઈ થઈ. પીડા એવી કરે કે નરશી રડે અને નાનો રામજી એના પર ખાટો થાય 'લે કરને કસરત! નહીં ભાળ્યો હોય મોટો પહેલવાન થવા નીકળ્યો છે તે! હાથ હલાવી હલાવીને જ બાંબલાઈ કરી છે!'

માટલિયાભાઈ વૈદક જાણે. મેં બન્ને ભાઈઓને તેમની પાસે મોકલ્યા. પાછા આવીને કહે 'માટલિયાભાઈએ તો 'રાખ' ખાવાનું ને ચોપડવા કહ્યું છે.' મેં પૂછ્યું, 'શું? રાખ ખાવાની અને ચોપડવાની? તેમનું કહ્યું બરાબર સમજ્યા તો છો ને?' નાનાએ ટાપસી પૂરી 'હા મોટાભાઈ! વધુ ખાવાની અને થોડીક ચોપડવાની, કહ્યું છે.' હું તો મુંઝાયો. નરશી પણ રડે... 'હું રાખ નહીં ખાઉં... રાખ નહીં ખાઉં!' મેં વચલો રસ્તો કાઢ્યો. 'તું રડ નહીં, આપણે રાખ ખાવી નથી બસ! પણ ચોપડવાની ચીવટ રાખ.' બે ત્રણ દિવસ રાખ ચોપડ્યા કરી, એકધારી રાખની લુગદી બાંધ્યા કરી. બાંબલાઈ પાકીને ફૂટી ગઈ, અને ચાર-પાંચ દિવસે રૂઝ આવી ગઈ. આઠેક દિવસ પછી માટલિયાભાઈએ મને પૂછ્યું, 'નરશીની બાંબલાઈને હવે કેમ છે?' મેં કહ્યું 'તમે ચીંધ્યું હતું તેમ નરશીએ રાખ ખાધી તો નહીં, પણ ચોપડ્યા કરી હતી.' 'હું! પછી શું થયું?' મેં કહ્યું 'એ તો મટી ગઈ.' તેઓ કહે 'સારું, સારું! એક નવી દવા મળી ગઈ! મેં એ ગાંડિયાને 'ધરાખ' ખાવાનું અને ચોપડવાનું કહેલું, 'રાખ' નહીં!' મને લાગ્યું કે આમાં તો રાખ નહીં, પણ માટલિયાભાઈ ઉપરની અમારી શ્રદ્ધા કામ કરી ગઈ! - **''કેરડે ફૂટ્યાં ફૂલ'' માંથી લે. હીરજીભાઈ ભીંગરાડિયા**

## ''સ્વાર્થ વગરની પ્રાર્થના...''

**'પ્રાર્થના વેળાએ...'**

તું પ્રાર્થના કરજે પણ ત્યારે તારા વિજય માટે પ્રાર્થના ન કરીશ કારણ કે એ જ ક્ષણે તારો પ્રતિસ્પર્ધી પણ વિજય માટે પ્રાર્થના કરતો હશે, અને બિચારા ભગવાનને મૂંઝવણ થશે કે કોને વિજય અપાવવો?

તું પ્રાર્થના કરજે પણ ધન, માન, ઐશ્વર્ય માટે પ્રાર્થના ન કરીશ. કારણ કે એના માગનારાની ભીડ જામી હશે ભગવાનને બારણે, અને તારા તરફ ભગવાન ન જુએ એ જ એની કૃપા ગણજે.

તું પ્રાર્થના કરજે પણ રોગમાંથી જલ્દી મુક્ત કરવાની અને ચમત્કારિક રીતે સાજોતાજો કરી દેવાની પ્રાર્થના ન કરીશ કારણ કે તને રોગમુક્ત કરવા માટે અનેક ડૉક્ટરો, વૈદ્યો, હકીમો દવાની શોધ કરી રહ્યા છે અને માનવ જગત પર ઉપકાર કરવાની તપસ્યા કરે છે. તેમની તપસ્યા નિષ્ફળ ન જાય એ તરફ પણ ભગવાનનું ધ્યાન કેન્દ્રિત થયું હશે.

તું પ્રાર્થના કરજે પણ એટલી જ કરજે કે પ્રતિસ્પર્ધી સાથે સારો ને સાચો મુકાબલો થાય. તું પ્રાર્થના કરજે કે મારી પ્રામાણિક મહેનતને અંતે કૃપાનાં અમીછાંટણાં કરજો ભગવાન, જે અંતરના નિર્મળ આનંદરૂપે પ્રગટે.

તું પ્રાર્થના કરજે કે ડોક્ટરરૂપે, વૈદ્યરૂપે, હકીમરૂપે તમે જ આવ્યા છો ભગવાન, અને તેમના હાથમાં સંજીવની આપજો.

તું પ્રાર્થના કરજે કે મારી પ્રાર્થનાનો પ્રતિસાદ તમારી ઈચ્છા પ્રમાણે જ આપજો, ભગવાન! - **મકરંદ દવે.**

આપણે પ્રાર્થના કરીએ છીએ એના કરતાં વધારે યાચના કરીએ છીએ... આપણી પ્રાર્થનામાં ભાવ નથી હોતો, ભીખ હોય છે...! આપણે પ્રાર્થના સ્વાર્થ માટે કરીએ છીએ. પરમાર્થ માટે નથી કરતાં... આપણે પ્રાર્થના બીજાને ધ્યાનમાં રાખીને કરીએ છીએ, આપણાં આત્માનું ધ્યાન રાખીને નથી કરતાં...! મકરંદ દવેની આ પ્રાર્થના સ્વયંના અહમમાંથી મુક્તિ નથી પરંતુ સ્તુતિ-મંત્રો અને શ્લોકની શરૂઆત થાય એ પહેલાં આપણા અંતઃકરણને શુદ્ધ કરવાની વાત કરવામાં આવી છે... **અંકિત ત્રિવેદી.**

# કુદરત આગળ માનવી વામણો

આપણી પૌરાણિક કથામાં વર્ણવેલ છે કે રાજા ભગીરથે પોતાના પૂર્વજોનો ઉદ્ધાર કરવા ભગવાન શિવની પૂજા-આરાધના કરીને તેમને રીઝવ્યા હતા. શિવને પ્રસન્ન કરીને ગંગાને પૃથ્વી ઉપર અવતરણ કરાવીને પૂર્વજોનો ઉદ્ધાર કર્યો હતો. આપણી સંસ્કૃતિમાં પરાપૂર્વથી આવી વિચારધારા ચાલતી આવી છે.

સાંપ્રત સમયમાં ભારતના બિહાર રાજ્યના ગયા જિલ્લાના એક ગ્રામવાસી દશરથ માંઝીએ એકલે હાથે વિશાળ ખડક કોતરીને લોકાર્થે રસ્તો નિર્માણ ર્ક્યો તે ઘટનાને આ પ્રાચીન પરંપરા સાથે સરખાવી શકાય!

આપણા પડોશી બાંગ્લાદેશમાં સામૂહિક રીતે કાર્ય કરીને ત્યાંના નાગરિકોના ઉત્કર્ષ માટેની યોજના પણ જાણવી જોઈએ. આશરે દસેક વર્ષ પૂર્વે બાંગ્લાદેશની સરકારે સમુદ્રના પાણીના અતિક્રમણને રોકવાની યોજના ઘડી હતી. જેના સંદર્ભમાં જોઈએ તો બાંગ્લાદેશના સમુદ્રકિનારે દર વર્ષે ૨૮મી ફેબ્રુઆરીના દિવસે ફક્ત એક જ દિવસે ઓછામાં ઓછી ભરતી અનુભવાય છે. આ ઘટનાને લક્ષમાં રાખીને ત્યાંની સરકારે જાપાનના એન્જિનિયરોનું માર્ગદર્શન મેળવ્યું. ૨૭મી ફેબ્રુઆરીના દિવસે એકસાથે હજારો મજૂરોને એકસાથે કામે લગાડ્યા. દરેક મજૂરે આપેલી સૂચના મુજબ રેતીની થેલીઓ અને વિશાળ પથ્થરો તૈયાર કરાયેલા પ્લાન મુજબ ૨૮મી ફેબ્રુઆરીના રોજ સમુદ્રકિનારે ગોઠવવા માંડ્યા. એક જ દિવસ દરમિયાન એક સાથે આ પ્રકારનો પ્રકલ્પ સફળતાપૂર્વક પૂર્ણ કરવો એ અદ્વિતીય કહી શકાય. આમ, આ પ્રકલ્પ દ્વારા કિનારાની ફળદ્રુપ જમીનને સમુદ્રના ખારા પાણીના અતિક્રમણને રોકવામાં તેઓ સફળ થયા. આથી જ તે અંગેનો લેખ ''National Geography'' માં ''They stop the sea'' શીર્ષક અંતર્ગત પ્રગટ થયો હતો.

કુદરતનો સામનો કરવા માનવી સામૂહિક રીતે કેવા કેવા પ્રયત્નો કરે છે તે બાબત સમજી શકાય છે. આપણે જાણીએ છીએ કે વિશ્વનું સૌથી મોટું રણ સહરા ઉત્તર આફ્રિકામાં આવેલું છે. અહીંની આબોહવાના પરિવર્તનને કારણે તેમજ ઢોરોનું વધુ પડતું ચરાણ થવાથી ત્યાંની ખેતીલાયક જમીન અવિરત ગતિએ બદલાઈને રણમાં ફેરવાતી જાય છે અને તેથી રણ દક્ષિણ તરફ વિસ્તરતું જાય છે. આમ આ રણ આફ્રિકાની પશ્ચિમે સેનેગલથી શરૂ કરીને પૂર્વમાં જીબોટી સુધી વિસ્તરેલું છે જેની લંબાઈ આશરે ૭૦૦૦ કિ.મી. (૪,૩૫૦ માઈલ) છે. સહરાના દક્ષિણ છેડે આવેલા દેશોમાં સેનેગલ, માલી, વાગાડુગુ, નાઈજર, નાઈજીરિયા, કેમરૂન, મધ્ય આફ્રિકા પ્રજાસત્તાક, ચાડ, સુદાન, ઈથિયોપિયા, એરિટ્રિયા અને જીબોટીનો સમાવેશ થાય છે. આ દેશોની સરકારો રણને આગળ વધતું અટકાવવા ''Herculean Task'' - ''મહામુશ્કેલ કાર્ય'' પરિપૂર્ણ કરવા ૨૦૦૭માં સંગઠિત થયા હતા, જેના માટે સામૂહિક રીતે જરૂરી ફંડ ઊભું કર્યું. ઉપરોક્ત દેશોના નાગરિકોના સાથ-સહકારથી ૭૦૦૦ કિ.મી. લાંબી અને ૧૫ કિ.મી. પહોળી વૃક્ષોની એક દીવાલ આબોહવાની જાળવણી માટે ઊભી કરવાનું નક્કી કર્યું છે જે ''Great Green Wall'' તરીકે ઓળખાશે. આ યોજનાના ભાગ રૂપે સૌપ્રથમ સેનેગલ દેશે ૧૫૦ કિ.મી. લંબાઈ ધરાવતી વૃક્ષોની એક હરોળ ઊભી કરી દીધી છે. આશરે ૪૦,૦૦૦ હેક્ટર ભૂમિમાં વૃક્ષારોપણ થવા પામ્યું છે. ભવિષ્યમાં પોતાના દેશની બાકીની ૫૪૫ કિ.મી. લાંબી સીમા ઉપરની એટલે કે ૮ લાખ હેક્ટર ભૂમિમાં વૃક્ષારોપણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આમ તૈયાર થનારી વૃક્ષોની દીવાલમાં મોટે ભાગે બાવળનું પ્રમાણ અધિક રહેશે. વૃક્ષારોપણ મોટે ભાગે સ્રીઓ દ્વારા કરાવવામાં આવશે જેથી તેઓને રોજી-રોટી પણ મળી રહે. આ યોજનાનો હેતુ બદલાતી જતી કુદરતી પરિસ્થિતિનો સામનો કરવાનો તેમજ ખેતભૂમિને બચાવીને લોકોનો ઉત્કર્ષ કરવાનો જ રહેલો છે.

આમ, આવાં ભગીરથ - Harculean કાર્યો થતાં રહે તો ''વસુધૈવ કુટુંબકમ્''ની ભાવના ફળીભૂત થશે તેમાં કોઈ શંકા નથી.

**- નીતિન કોઠારી (૯, સંસ્કાર સોસાયટી, જીવરાજ પાર્ક સામે, અમદાવાદ-૩૮૦૦૫૧) 'નવચેતન' માંથી સાભાર.**

# નરકાસુર આજે પણ જીવે છે!

નરકાસુર કોણ હતો?

એ કૃષ્ણનો સમકાલીન એવો અત્યંત ક્રૂર રાક્ષસ હતો. એણે જબરો અત્યાચાર કરીને ૧૬,૧૦૦ સ્રીને કેદ કરી હતી. કૃષ્ણએ એનો વધ ર્ક્યો અને એના અંતઃપુરમાંથી બધી સ્રીને મુક્ત કરી હતી. એ સ્રીઓએ ભક્તિપૂર્વક કૃષ્ણનો પતિ તરીકે સ્વીકાર ર્ક્યો હતો. જેમ આજે બલાકૃત સ્રીને નિર્ભયા નામ પ્રાપ્ત થયું એ જ રીતે બળાત્કારનો ગુનો કરનારા સેતાનને નરકાસુર તરીકે ઓળખવાની પ્રથા શરૂ થવી જોઈએ. આજે પણ હજી નરકાસુર મર્યો નથી.

ચીનમાં કન્ફ્યુશિયસ થઈ ગયો. એ એક એવો શાણો વિચારક હતો, જેની પાસે સુશાસન (ગુડ ગવર્નન્સ) માટે મૌલિક વિચાર હતા. એની સલાહ લેવા માટે એ સમયે ચીનમાં ઘણાં રજવાડાં કન્ફ્યુશિયસને રાજ્યમાં આદરપૂર્વક આમંત્રણ પાઠવીને બોલાવતાં. એક પ્રસંગ જાણીતો છે.

કોઈ રાજ્યની સ્રીએ કન્ફ્યુશિયસ પાસે જઈને ફરિયાદ કરી ને ક્હ્યું: મારા ગામમાં મારા પતિને વાઘે મારી નાખ્યો. થોડાક દિવસો બાદ વાઘ મારા પતિના પિતાને પણ ખાઈ ગયો. ગઈ કાલે વાઘે મારા દીકરાને ફાડી ખાધો! બોલો, મારે શું કરવું?

કન્ફ્યુશિયસ એ સ્રીની વાત સાંભળીને હાલી ઊઠ્યો. એણે સ્ત્રીને પ્રશ્ન પૂછ્યો: 'તો પછી તું એ ગામ છોડીને ક્યાંક બીજે રહેવા કેમ ચાલી જતી નથી?'

સ્રીએ જવાબ આપ્યો: સાહેબ, અમારા ગામના ઠાકુર કાયદો અને વ્યવસ્થા જળવાય એ માટે પૂરેપૂરા પ્રતિબદ્ધ છે એથી હું આ ગામ છોડવાનું યોગ્ય નથી માનતી...

એ સ્રીની વાત સાંભળીને કન્ફ્યુશિયસે પાસે ઊભેલા શિષ્યોને ક્હ્યું: 'આ સ્રીની વાત સમજો. જો સુશાસન હોય તો વાઘ પણ સહ્ય બની જાય છે.'

વિનોબાજી ઉત્તર પ્રદેશને પ્રશ્ન પ્રદેશ કહીને વિનોદ કરતા. જો પ્રજાની ગુણવત્તા જ પાંગળી હોય તો અખિલેશની જગ્યાએ અન્ય કોઈ સમર્થ મુખ્ય પ્રધાન આવી જાય તોય ગુનાખોરીનું પ્રમાણ ન ઘટે. નરકાસુરો ન પાકે એ માટે પણ પ્રજાની ગુણવત્તા ઊંચી હોય એ જરૂરી છે. નરકાસુર સાથે એક એવું કલ્ચર જોડાયું છે, જેની કક્ષા અત્યંત નીચી છે.

**ગુણવંત શાહ, સૌ. ચિત્રલેખા**

## જ્ઞાન કરતા કલ્પનાશક્તિ વધારે મહત્વપૂર્ણ

જો કોઈનામાં કલ્પનાશક્તિ હોય અને તે તેને સાકાર કરવા માંગે છે તો કાંઈ જ અસંભવ નથી. શાનદાર કલ્પનાઓ અનેક મોટા અવસરો લઈને આવે છે. જાણીએ કલ્પનાશક્તિની તાકાત વિશે અમુક સફળ લોકોના વિચાર. આલ્બર્ટ આઈન્સ્ટાઈન માને છે કે, જ્ઞાન કરતા વધારે કલ્પનાશક્તિ તાકાતવર હોય છે. જ્ઞાનની એક સીમા હોય છે. પરંતુ કલ્પના શક્તિતો તમને ગમે ત્યાં લઈ જઈ શકે છે.

આ જ તમને સફળતાનો માર્ગ બતાવે છે અને આ જ વિકાસ માટે પ્રાથમિક જરૂરીયાત છે. જ્યારે હું મારી કામ કરવાની રીતનું નિરિક્ષણ કરું છું તો મને સમજાય છે કે મારા માટે કલ્પનાઓ કરવાની તાકાત વધારે ફાયદાકારક સાબિત થઈ છે. લોજિક કોઈને એ થી બી સુધી લઈ જશે. પરંતુ કલ્પનાઓ તેને ગમે ત્યાં ગમે તે દિશામાં લઈ જશે.

નોબલ પારિતોષિક વિજેતા વિખ્યાત પ્લે રાઈટર જ્યોર્જ બનાર્ડ શોના જણાવ્યા અનુસાર, કલ્પનાઓથી જ કંઈક નવું બનાવવાની શરૂઆત થાય છે. તમે એ વસ્તુની કલ્પના કરો છો જે તમે તમારા માટે ઈચ્છા છો. તેનું નિર્માણ થાય છે જેની કલ્પના કરો છો. અને એ જ મેળવો છો જેની આશા રાખીને તમે કામ કરો છો.

થોમસ એડિસનના જણાવ્યા અનુસાર, કંઈક બનાવવા માટે તમને સારી કલ્પનાશક્તિની જરૂર પડે છે. અને સાથે જ વધારે પડતી નકામી વસ્તુઓની પણ જરૂર હોય છે. જેમાંથી નવી વસ્તુ બને છે. નેપોલિયન બોનાપાર્ટનું તો કહેવું હતું કે, કલ્પનાશક્તિથી જ દુનિયા ચાલે છે. અમેરીકાના પ્રસિદ્ધ કોસ્મેટિક સર્જન મેક્સવેલ માલ્ટજે કહ્યું હતું કે, કલ્પનાશક્તિ માનવી માટે લક્ષ્ય નક્કી કરવાનો માધ્યમ છે. આપણે કોઈ કામમાં સફળ અથવા નિષ્ફળ માત્ર ઈચ્છાશક્તિના અભાવને કારણે જ નથી થતાં. તેમાં ખૂબ જ મોટી ભૂમિકા ઈમેજીનેશનની પણ હોય છે. અમુક વિચાર અને બહાના કોઈપણ વ્યક્તિના સ્વપ્નોને સમાપ્ત કરી શકે છે અને તમારા આગળ વધવાના માર્ગને ધીમે ધીમે બંધ કરી દે છે. જો આવા બહાના તમારા મનમાં આવી રહ્યા છે તો સતર્ક થઈ જવાની જરૂર છે. જેમ કે જો કોઈને લાગે છે કે, હું ટેલન્ટેડ નથી. તો આ પોતાની ક્ષમતા ઉપર શંકા કરવા જેવું છે. આવી રીતે તો એ કામમાં પણ અસફળતા હાથ લાગશે જેને તમે સરળતાથી પૂર્ણ કરી શકો છો. અનેકવાર લોકો કામ અને જવાબદારીથી બચવા માટે સમય ન હોવાના બહાના કાઢે છે. તો ક્યારેક કહે છે કે, હાલમાં હું આ કામ માટે તૈયાર નથી. થોડોક વધારે સમય જોઈએ છે પ્રેક્ટિસ માટે, આ બધા જ પોતાના કમ્ફર્ટ ઝોનમાં જળવાઈ રહેવાના બહાના છે. ક્યારેક ક્યારેક કહેવામાં આવે છે કે, હું આ કામમાં એટલો સારો નથી. આ કામ તો મારા કરતાં બીજા લોકો સારી રીતે કરી શકે છે. આ જવાબદારી બીજાને માથે નાખવાનું બહાનું છે. એવા જ કેટલાક અન્ય બહાના છે જે અનેકવાર સાંભળવા મળે છે- જેમ કે, મને કોઈની પણ મદદ મળી નથી. અથવા હાલમાં હું જોખમ ખેડવાની સ્થિતિમાં નથી. પોતાની નબળાઈ અથવા ભૂલો સંતાડવા માટે લોકો આ બહાના પણ બનાવી દે છે કે એકાદ વાર નિયમ તોડવામાં કાંઈ જ ખોટું નથી અથવા એક નાનકડું જુઠ્ઠાણું ફેલાવવાથી કોઈનું નુકસાન નથી થઈ જવાનું.

## ગૌ-પ્રેમીઓનું સંમેલન

શ્રી ગૌસેવા મિત્ર મંડળ, કાંદિવલી અને વિશ્વ હિન્દુ પરિષદ, ગૌરક્ષા વિભાગના સંયુક્ત નેજા હેઠળ તા.૨૬ જાન્યુઆરી ના મુંબઈના પરા, કાંદિવલીમાં ગૌપ્રેમીઓનું એક સ્નેહ મિલન યોજાયું હતું. પ્રમુખ અતિથિ અમદાવાદની બંસી ગૌશાળાના શ્રી ગોપાલભાઈ સુતરિયા હતા જ્યારે અતિથિ વિશેષ મુંબઈના પ્રખ્યાત પંચગવ્ય ચિકિત્સક શ્રી ઉત્તમભાઈ મહેશ્વરી હતા.

શ્રી ઉત્તમભાઈએ પોતાના વક્તવ્યમાં છાણના રસના ઉપયોગથી લીવરના દર્દીઓને કેટલો ફાયદો થાય છે તે જણાવ્યું. વળી જે ગૌમાતાને દાણમાં જવ ખવડાવવામાં આવે તેના છાણમાંથી ન પચેલા જવને અલગ કરીને તેનો આટો બનાવવામાં આવે તો તેના સેવનથી ડાયબીટીસ, કીડની, બલ્ડ પ્રેશર જેવા રોગોમાં ખૂબ ફાયદો થાય છે એમ જણાવ્યું. શ્રી ઉત્તમભાઈના વક્તવ્યનો બીજો મુદો પાંજરાપોળ તરફ પશુઓનો પ્રવાહ અટકાવવા સંબધી હતો. તેમના કહેવા પ્રમાણે ગોપાલકને ૫૦૦૦ રૂા. જેટલી વાર્ષિક સહાય આપવામાં આવે તો તે પશુનુ ભરણપોષણ યોગ્ય રીતે કરી શકે છે જ્યારે એ જ પશુની દેખભાલ કરવા પાંજરાપોળને ત્રણથી ચાર ગણો ખર્ચ કરવો પડે છે.

શ્રી ગોપાલભાઈએ પોતાના વક્તવ્યમાં એ વાતનું ખંડન કર્યું કે દેશી ગાય રાખવી ખેડૂતને આર્થિક રીતે પોષાય એમ નથી. એમણે સમજાવ્યુ છે ગીરની ગાયની પણ યોગ્ય દેખભાળ રાખવામાં આવે તો જર્સી ગાય જેટલું જ ગાયનું ઉત્પાદન આપી શકે છે. વળી જર્સી ગાય ૩-૪ વેતર બાદ નકામી થઈ જાય છે જ્યારે દેશી ગાય ૧૦-૧૨ વેતર પછી પણ દૂધના ઉત્પાદનનું સાતત્ય જાળવી રાખે છે. અહી એમણે પોતાની ગૌશાળાની એક ગાયનો દાખલો આપતા જણાવ્યુ કે તેની ૨૧ વર્ષની ઉમરે, ૧૬ વેતર પછી પણ સંતોષજનક દૂધ આપી રહી છે. તેમણે પોતાની ગૌશાળામાં વિવિધ જાતના ઘાસ ઉપર ચાલી રહેલા સંશોધનની પણ માહિતી આપી.

ટી.વી. કલાકાર શ્રી નરેશ શાહ દ્વારા એક લઘુનાટિકા રજૂ કરવામાં આવી જેમાં આજના ઉચ્ચ મધ્યમ વર્ગ પોતાના એશ આરામ પાછળ રચ્યો પચ્યો રહે છે, તેમાંથી બહાર આવીને ગૌસેવા તરફ પોતાનો સમય અને અલ્પ માત્રામાં સંપતિનું યોગદાન આપવાની વાત અસરકારક રીતે કહેવામાં આવી.

ગૌસંમેલન, ગૌસેવાના ક્ષેત્રમાં કાર્ય કરતા જુદા જુદા કાર્યકરોને પોતાના વિચારો આદાન-પ્રદાન કરવાનું એક સુંદર માધ્યમ બની રહ્યું.

**- શાંતિલાલ ગડા, અંધેરી**

---

**We are constantly being astonished at the amazing discoveries in the field of violence. But I maintain that far more undreamt-of and seemingly impossible discoveries will be made in the field of nonviolence. - Mahatma Gandhi**

**સંસ્કૃત રસની લહેજત ચખાડે એ સંયમ**
**વિકૃત રસની ઝંખનાને વધારે એ વિલાસ**

## સંસાધનો દેશની માલિકીના છે.

જર્મની એક વિકસિત અને ધનાઢ્ય દેશ છે. આપણને લાગે કે આવા દેશમાં લોકો ખૂબ જ મોજમજા કરતા હશે, પરંતુ ખરેખર એવું છે ખરું ?

વેલ, આ માટે વાંચો, બે વિદેશીનો જર્મની પ્રવાસનો અનુભવ :

અમે હેમ્બર્ગ પહોંચ્યા, હું અને મારો સાથીદાર ત્યાંના એક રેસ્ટોરાંમાં જમવા ગયા. અમે જોયું કે ઘણાં ટેબલ ખાલી હતાં. એક ટેબલ પર એક યુવાન યુગલ ભોજન કરતું હતું. એમનું સાદું ભોજન જોઈને મન લાગ્યું કે આ તે કેવું સાવ અનરોમેન્ટિક યુગલ !

બીજા એક ટેબલ પર કેટલીક વૃદ્ધા હતી. વેઈટરે એમની ડિશોમાં ભોજન પીરસ્યું ને બધી વૃદ્ધાએ અન્નનો એક પણ દાણો ન વેડફાય એ રીતે પોતાનું ભોજન પૂરું કર્યું.

અમે પણ અમુક વાનગીનો ઑર્ડર આપીને ભોજન કર્યું. જો કે અમે ભોજન પૂરું કર્યું ત્યારે અમારા ટેબલ પર ત્રીજા ભાગની વાનગી છાંડેલી પડી રહી હતી.

રેસ્ટોરાંમાંથી અમે નીકળતા હતા ત્યારે એક વૃદ્ધાએ અંગ્રેજીમાં અમને કશુંક કહ્યું, જેનો અર્થ એવો થતો હતો કે અમે જે ભોજનનો વેડફાટ કર્યો હતો એનાથી એ નાખુશ હતી.

મારો સાથીદાર કહે : 'અમે ભોજનના પૈસા ચૂકવ્યા છે. અમે એ ખાઈએ કે એઠું છોડી દઈએ એમાં તમારે શું ?'

પેલી વૃદ્ધાએ ફોન જોડ્યો. થોડી જ વારમાં સોશિયલ સિક્યોરિટી સંસ્થાનો ગણવેશધારી એક અધિકારી આવ્યો. બધી વિગતો જાણીને એણે અમને ૫૦ યુરોનો દંડ ફટકાર્યો ને કહ્યું:

'જેટલો વપરાશ કરી શકો એટલાનો જ ઑર્ડર આપો. પૈસા તમારા છે એ સાચું, પણ સંસાધનો સમાજની-દેશની માલિકીનાં છે એનો આવો વેડફાટ કરવાનો તમને જરાય અધિકાર નથી.'

હવે જરા આપણા દેશના લોકો તરફ જુવો... બડાશ હાંકવાથી દેશ તાકાતવર કે પ્રભાવશાળી નથી બનતો. પ્રજાની દેશ પ્રત્યેની નિષ્ઠા છે, જે દેશને પ્રથમ હરોળનો બનાવી શકે છે.

**- રાજુ અંધારિયા, સૌ. ચિત્રલેખા**

## ૯૯ નો ધક્કો

એક જમાનામાં એક રાજા અત્યંત વૈભવશાળી જિંદગી જીવી રહ્યો હતો, પરંતુ તે સહેજ પણ સુખી નહોતો.

એક દિવસ રાજા ફરતો ફરતો તેના નોકરના ઘર પાસે આવ્યો. નોકર મજાનાં ગીતો ગાતો ગાતો પોતાનું કાર્ય આનંદપૂર્વક કરવામાં મશગૂલ હતો. આ જોઈને રાજાને આશ્ચર્ય થયું. રાજ્યનો સૌથી વધુ ધનવાન માણસ ઉદાસ અને દુ:ખી હતો, જ્યારે તેના કરતાં અત્યંત ગરીબ કર્મચારી કેમ ખુશ હતો ?

રાજાએ નોકરને પૂછ્યું, ''તું કેમ આટલો આનંદિત રહે છે ?''

નોકરે જવાબ આપ્યો, ''રાજાસાહેબ, હું તો માત્ર નોકર છું. તેથી મારી અને મારા કુટુંબની જરૂરિયાત ખૂબ ઓછી છે. રહેવા માટે માત્ર છત અને પેટ ભરવા માટે થોડોક ખોરાક જોઈએ. બીજું શું ?''

રાજાને આશ્ચર્ય થયું. પોતે દુ:ખી અને આ નોકર સુખી !

રાજાએ તેના ખૂબ વિશ્વાસુ સલાહકારની આ બાબતે સલાહ લીધી. વાત સંભાળી સલાહકારે કહ્યું, ''મહારાજા, નોકરને હજુ ૯૯નો ધક્કો વાગ્યો નથી ને ?''

રાજાએ કહ્યું, ''૯૯નો ધક્કો ? એ વળી શું છે ?''

સલાહકારે જણાવ્યું, ''૯૯નો ધક્કો એટલે શું તે જાણવા માટે સોનાના ૯૯ સિક્કા ભરેલી એક બેગ નોકરના દરવાજા પાસે મૂકી દો... પછી જુઓ શું બને છે ?''

રાજાએ સલાહકારની સલાહ માની. એક કર્મચારીને નોકરના ઘરના બારણા પાસે સોનાના ૯૯ સિક્કા ભરેલી થેલી મૂકી દેવા હુકમ કર્યો. નોકર સવારે ઊઠી ઘરની બહાર જવા નીકળ્યો. તે આ બૅગ જોઈ અને આનંદથી નાચી ઊઠ્યો. આટલા બધા સોનાના સિક્કા ? તે સિક્કા ગણવા લાગ્યો. વારંવાર સિક્કા ગણ્યા પછી તેને ખાતરી થઈ ગઈ કે સિક્કા માત્ર ૯૯ જ છે !

તેણે બધી બાજુ જોયું. બૅગને વારંવાર ઉથલાવીને તપાસી તેને આશ્ચર્ય થયું : પેલા છેલ્લા એક સિક્કાનું શું થયું હશે ? કોઈ ૯૯ સિક્કા થોડા મૂકી જાય ? ૧૦૦ સિક્કા હોવા જોઈએ. કોઈ એકાદ સિક્કો લઈ ગયું લાગે છે.

તેણે તમામ જગ્યાએ તપાસ કરી, પરંતુ પેલો છેલ્લો સિક્કો કેમ નથી તે તેને સમજાયું નહીં. અંતે તેણે નક્કી કર્યું કે તે અગાઉ કરતાં વધારે મહેનત કરીને પણ ૧૦૦મો સિક્કો મેળવીને જ જંપશે.

તે દિવસથી નોકર સંદતર રીતે બદલાઈ ગયો. તે વધારે સમય કાર્ય કરવા લાગ્યો, ઉદાસ બની ગયો અને ૧૦૦મો સિક્કો પ્રાપ્ત કરવામાં સહકાર ન કરવા બદલ પોતાના કુટુંબીજનોને દોષ દેવા લાગ્યો. તેણે ગીતો ગાવાનું બંધ કરી દીધું.

નોકરમાં આવેલું આ પરિવર્તન જોઈ રાજા મૂંઝવણમાં મુકાઈ ગયા. સલાહકારે કહ્યું, ''મહારાજા, હવે નોકરને ૯૯નો ધક્કો વાગ્યો છે.''

તેણે જણાવ્યું, ''૯૯નો ધક્કો એવી વ્યક્તિઓ માટે છે કે જેઓ પાસે સુખી થવા માટે પૂરતું છે, પરંતુ તેઓ ક્યારેય સંતોષી હોતા નથી. તેઓ સતત પેલા બાકી રહેલા એકને પ્રાપ્ત કરવામાં જીવનની શાંતિ, સુખ અને સમૃદ્ધિને છિન્ન-ભિન્ન કરી નાંખે છે.''

''મને આ માત્ર એક છેલ્લો સિક્કો પ્રાપ્ત કરી લેવા દો અને પછી હું ખુશીપૂર્વક આનંદમય જિંદગી ગુજારીશ'' તેવું માનવામાં વર્તમાન જીવનને રગદોળી નાંખે છે.

આપણે આપણી જિંદગીને ખૂબ થોડી વસ્તુઓથી પણ આનંદમય અને ખુશ રાખી શકીએ, પરંતુ જ્યારથી આપણને થોડુંક વધારે ને વધારે પ્રાપ્ત કરવાની ઈચ્છા વધતી જ જાય છે તે ક્ષણથી આપણે આપણી નિદ્રા અને ખુશીઓ ગુમાવી દઈએ છીએ. સંતોષી બનો, સુખી બનો. સંતોષી નર સદા સુખી. **રણછોડ શાહ, (૪૭, સુવર્ણપુરી સોસાયટી, ચીકુ વાડી, જેતલપુર રોડ, વડોદરા-૭)**

---

**''ખરી નીતિનો નિયમ એ છે કે, આપણે જાણતા હોઈએ એ માર્ગ લેવો બસ નથી. પણ જે માર્ગ ખરો છે, એમ જાણતા હોઈએ, તે માર્ગથી આપણે વાકેફ હોઈએ કે નહીં, તો પણ, આપણે તે લેવો જોઈએ.''**
**- મહાત્મા ગાંધી**

**''મને વિસરી જાઓ; મારા નામને ન વળગો. તત્વને વળગો. તમારી પ્રત્યેક હિલચાલ- તે ગજથી માપો અને આગળ ઉપર આવનારા દરેક પ્રશ્નનો નિર્ભયપણે જવાબ આપો.''**

**- મહાત્મા ગાંધી.**

# ધર્મમાં ઉધારીને કોઈ સ્થાન નથી

પશ્ચિમના જે કેટલાક શ્રેષ્ઠ વક્તાઓ છે તેમાં કર્નલ ઈંગર સોલનું નામ પણ જાણીતું છે. આ સદીમાં જેમણે પણ પોતાનાં વક્તવ્યો દ્વારા લોકોને પ્રભાવિત કર્યા છે તેમાં ઈંગર સોલનું નામ આગલી હરોળમાં મૂકી શકાય.

એ જ્યારે બોલવા માટે ઊભા થતા ત્યારે ક્ષણાર્ધ થંભી સૌથી પહેલાં હવામાં હાથ હલાવી આંગળીઓથી કશુંક કરતા હોય એવું લાગતું. કાયમ આવું થવાથી લોકોનું ધ્યાન એ તરફ જવા લાગ્યું. અને પ્રશ્નો પણ ઉઠવા લાગ્યા કે આ રીતના ઈશારાથી એ કરે છે શું ?

પ્રવચનની શરૂઆતમાં હવામાં હાથ ઉઠાવી જે રીતે ઈશારો કરતા એ જ રીતે પ્રવચન પૂરું થતાં જ ફરી પાછો બીજો હાથ ઉઠાવી એજ રીતનો ઈશારો કરી બેસી જતા. લોકો માટે એમનું પ્રવચન જેટલું વિસ્મયજનક હતું એનાથી પણ વધુ વિસ્મય આ વાતનું થતું કે એ કરે છે શું ? કેટલાક લોકો તો સાહસ કરી એમને પૂછી પણ લેતા કે શા માટે આપ આવું કરો છો ? એનો અર્થ શો ? તો કર્નલ ઈંગરસોલ એક પણ શબ્દ બોલ્યા વિના હસીને શાંત રહી જતા. વર્ષો સુધી આ પ્રમાણે ચાલતું રહ્યું. છેક છેલ્લે એ જ્યારે માંદગીના બિછાને હતા અને મૃત્યુની પળો નજીક હતી ત્યારે કેટલાક સાથીદારોએ કહ્યું કે અમારા માટે એક છેલ્લું કામ કરતા જાવ. પ્રવચનની શરૂઆતમાં અને પ્રવચન પછી હવામાં હાથ ઉઠાવી આંગળીઓથી આપ જે ઈશારો કરતાં હતાં એનું રહસ્ય શું છે ? અમે એ જાણીએ જ છીએ કે આપ જ્યારે બોલતા ત્યારે લોકો મંત્રમુગ્ધ થઈને સાંભળતા રહેતા. આપના શબ્દોમાં એક પ્રકારનો જાદુ છે. પણ હવે જ્યારે આપ કાયમ માટે વિદાય લઈ રહ્યા છો ત્યારે અમારા મનની આ ગૂંચને ઉકેલતા જાવ તો સારું. આપની સાથે જ આ રહસ્ય ચાલ્યું ન જાય એવું અમે ઈચ્છીએ છીએ.

કર્નલે કહ્યું - ‘રહસ્ય જેવું એમાં કશું નથી. જાદુમંતરનો તો આમાં કોઈ સવાલ જ નથી. આ દ્વારા હું એ કહેવા માગતો હતો કે આમાં મારું કશું જ નથી. બધું ઉધાર છે. અનેકવાર કહેવાઈ ચૂકેલા, અનેક લોકોના મગજમાં આવી ચૂકેલા વિચારોનું જ હું તો માત્ર પુનરાવર્તન કરું છું.

મારા તરફથી હું પ્રામાણિક હતો પણ સાફ શબ્દોમાં એ રહસ્યને છતું કરી દઉં તો મારા ઈગોને ચોટ લાગતી હતી. અને એ તરફ સંકેત પણ ન કરું તો મારો અંતરાત્મા ડંખતો હતો. આથી કશું કહ્યા વિના જ છૂપો ઈશારો કરી દેતો હતો, જેથી સમજનારા સમજી જાય.

ઈંગરસોલ જેટલી પ્રામાણિકતા આપણા કયા વક્તા પાસે હોય છે ? ધર્મસભાઓમાં સ્ટેજ પર બેસીને આત્મા પરમાત્માની વાતો કરતાં અને સમાધિનું સ્વરૂપ સમજાવતા કયા વક્તા પાસે પોતાનો સ્વાનુભવ હોય છે ? શિક્ષણ, સમાજ, માબાપ, પરંપરા આપણને જે કંઈ પણ આપે છે, આપણા વ્યક્તિત્વ પર આ બધા દ્વારા જે કંઈ પણ વાઘા પહેરાવવામાં આવે છે તેને જ આપણે આપણું સ્વરૂપ માની લગભગ તો સંગૃહીત કરેલા જ્ઞાનનો જ સ્મૃતિના જોરે ઉપયોગ કરતાં હોઈએ છીએ. સ્વાનુભવ જેવું એમાં ભાગ્યે જ કશુંક હોય છે.

આપણી જીવનસરણી કે વિચારસરણી પણ મોટા ભાગે ઉધાર હોય છે. પોતાની સ્વતંત્ર પ્રતિભા, પોતાની સમજ કે અનુભૂતિનો આમાં ક્યાંય ઉપયોગ હોતો નથી. બસ, બધા કરે છે એટલે આપણે પણ એમ જ કરવું જોઈએ. આ સિવાય બીજો કોઈ તર્ક કે જવાબ હોતો નથી. આપણે જે પરિવાર કે સંપ્રદાયમાં જન્મ્યાં ત્યાં જે કંઈ થઈ રહ્યું છે તે સાચું અને બીજું બધું ખોટું. એ લોકો જે ખાય છે તે ખાવું, એ લોકો જેમ જીવે છે તેમ જીવવું. એ લોકો જે કંઈ માને છે તેને પરમ સત્ય માનીને જીવવું. આમાં આત્મખોજ, સ્વયંની સમજ કે સ્વાનુભવને ક્યાંય કોઈ સ્થાન નથી. અને ધર્મ તો ત્યારે જ શરૂ થાય છે જ્યારે વ્યક્તિ જાતે જ જે સાચું છે તેની શોધ કરે છે અને સત્યની સરાણે કસ્યા પછી જ જે સાચું લાગે તેને સ્વીકારે કે તે પ્રમાણે ચાલીને સ્વાનુભવથી આત્મસાત કરે. ધર્મ ક્યારેય સ્વાનુભવ વિના આપણા જીવનમાં ઉજાસ ફેલાવી શકતો નથી. સમાજનાં બધાં ક્ષેત્રમાં ભલે ઉધારી ચાલતી હોય પણ ધર્મના ક્ષેત્રમાં ઉધારીને કોઈ સ્થાન નથી.

ક્રાન્તિ બીજ

- **જિંદગીને દિયા હૈ જબ ઈતના બેશુમાર યહાં, તો ફિર જો નહીં મિલા ઉસકા હિસાબ ક્યા રખે...**
- **ખુશી કે દો પલ કાફી હૈ, ખિલને કે લિયે, તો ફીર ઉદાસિયોંકા હિસાબ ક્યા રખે...**
- **હસીન યાદોં કે મંજર ઈતને હૈ જિંદગાનીમેં, તો ચંદ દુખકી બાતોંકા હિસાબ ક્યા રખે...**
- **મિલે હૈ ફૂલ યહાં ઈતને કિન્હી અપનોસે, ફિર કાંટોકી ચુભનકા હિસાબ ક્યા રખે... - વત્સલ વસાણી. સૌ.ગુજરાત સમાચાર.**

# આ છે સસ્ટેઈનેબલ ઈકોનોમી

નીતિ આયોગના કેન્દ્રસ્થાને કેન્દ્ર સરકાર હજુ પણ મશીનને બદલે પશુને જો પ્રસ્થાપિત કરશે તો ગ્લોબલ વોર્મિંગ, ગ્રીન હાઉસ ગેસીસ અને કલોરોફ્લોરો કાર્બનના દૈત્યો ઉપર પણ સર્જીકલ સ્ટ્રાઈક કરી શકશે. ૭૦ ટકા વસતિ ૭ લાખ ગામડાઓમાં માથે હાથ દઈને બેઠી છે. કેમ કે કેમિકલ ફર્ટીલાઈઝર અને પેસ્ટીસાઇડ્સના દૈત્યોએ સમગ્ર દેશમાં કેન્સર, કિડની ફેઈલ, ડાયાબિટીસ અને બ્લડપ્રેશરના રોગોએ ઘરઘરમાં પોતાના થાણા સ્થાપી દીધા છે.

ઉત્તર અને દક્ષિણ વિયેતનામનો અમેરિકાએ શસ્રો વેચીને ખો વાળી દીધેલો એ દેશમાં સંચાલકોને સદ્‌બુદ્ધિ સુઝી અને એક પરિવાર દીઠ એક એકર જમીન અને એક ગાય આપવામાં આવી અને તેનું પહેલું બચ્ચું ટેક્સ રૂપે સરકારને આપવાનું ઠરાવવામાં આવ્યું. જે બીજા પરિવારોને આપવામાં આવ્યું અને સમગ્ર દેશ માત્ર પાંચ વર્ષના નાના ગાળામાં પાછો બેઠો થઈ ગયો, જમીનો સજીવન થઈ ગઈ. આ દેશને સ્માર્ટ સિટિ કે બુલેટ ટ્રેઈનની જરૂર નથી પરંતુ દેશી ગાયના દૂધ અને ઘી ઘરઘરમાં પાછા ફરે તેની આવશ્યકતા છે.

નોસ્ટ્રાડોમર્સે ભાખેલા યુગપુરૂષના દર્શન ત્યારે જ પૂર્ણ થશે જ્યારે આ દેશમાં શોષણવિહીન અને અલ્પહિંસક સસ્ટેઈનેબલ ઈકોનોમિક મોડેલની પુનઃ પ્રતિષ્ઠા થશે. **સૌ. વર્ધમાન પરિવાર**

ભાવનગરનાં મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ બ્રાઝીલનાં ગૌપ્રેમી ગ્રેસીયા સિડને આપેલ ગીરના આખલાનું મૃત શરીર આજે પણ જાળવીને રાખેલ છે. આ મહારાજનાં ગીર ગૌવંશથી બ્રાઝીલ આજે સંવર્ધન માટે વિશ્વમાં પ્રખ્યાત થયેલ છે.

## શ્રી મહાજન ગૌશાળા, ભાવનગર
## સંપર્ક : રત્નાભાઈ મો.નં.૯૮૨૫૮૩૯૬૫૮

૧. મને ૨૦૦૫માં જીભનું કેન્સર છે એમ ખબર પડી. એલોપથી એક વરસ સારવાર ચાલુ કરી અને છેલ્લા દસ વરસથી ગોમૂત્ર અર્ક લઉં છું. મને સંપૂર્ણ સારું છે અને જો કોઈને કર્મ સંજોગે કેન્સર હોય તો દવા ન લેતા અર્ક લેવાની હું ભલામણ કરું છું.
**દિલીપકુમાર આર. ભટ્ટ, ઉ.વ.૭૩, ફોન નં.૨૨૦૩૦૬૪.**

૨. મને મરડો કફ શરદી ઉધરસની તકલીફ હતી. એક માસ અર્ક લેવાથી મને હવે બીલકુલ સારું થઈ ગયું છે.
**બટુકભાઈ, ઉ.વ. ૫૦, મો.ન.૯૭૧૨૧૫૭૩૩૨**

૩. મને ૮ વરસથી ડાયાબીટીશ છે. એક વરસથી નિયમિત અર્ક લઉં છું. અત્યારે ડાયાબીટીશ સંપૂર્ણ કાબુમાં છે.
**હસમુખભાઈ પંડ્યા, ઉ.વ. ૫૩, ફો.નં.૦૨૮૪૬-૬૨૮૬૮૭૫.**

૪. મને ધાધરની તકલીફ એક વરસથી શરૂ થયેલ. ત્રણ ચાર ડોક્ટરોની દવા લીધી પણ ફાયદા થયો નહી. પછી મહાજન ગૌશાળાનો અર્ક લીધો. બે મહિનામાં સાવ મટી ગયું.
**નાંદવા વિવેક, ઉ.વ.૨૦, મો.૯૯૨૫૮૦૮૨૮૪**

૫. મને કમર, હાથપગ અને માથાના દુ:ખાવાની તકલીફ નવ વરસથી છે. સીવીલ હોસ્પિટલની ત્રણ વરસ સારવાર ચાલી પણ ફાયદો ન થયો. છેલ્લા બે માસથી અર્ક બે વાર પીવાથી તેમજ દુખાવા પર માલીસ કર્યા બાદ હવે સાવ સારું છે અને અર્કનું સેવન ચાલુ રાખેલ છે.
**ભાવનાબેન, ઉ.વ.૬૦, મો.નં.૯૮૨૪૫૮૫૧૧૫**

૬. મને કબજિયાતની ઘણા વરસથી તકલીફ રહેતી હતી પણ અર્ક લેવાથી / સેવન કરવાથી તેમાં ઘણી રાહત છે.
**કાંતિભાઈ, ઉ.વ.૫૭, મો.નં.૯૭૨૪૨૩૦૮૦૮**

૭. ૯ વરસથી ડાયાબીટીશની તકલીફ છે. ૧ વરસ ડો. ની દવા લીધેલ પણ ફાયદો ન થયેલ. નવ વરસથી અર્કનું સેવન કરું છું મને બીલકુલ સારું છે અને સ્ટેમીના પણ સારી છે.
**રેખાબેન, ઉ.વ.૪૨, મો.નં.૯૪૨૯૧૬૪૨૭૪**

**મુંબઈમાં ગોમૂત્ર અર્ક મેળવવા-સંપર્ક**
**રમેશભાઈ દોશી, મલાડ, ૯૪૨૭૬૬૩૪૭૩**
**- તંત્રી ગોરક્ષા પાત્ર સરનામું છેલ્લે પાને છે.**
**અમૃતલાલ દોશી, ઘાટકોપર, ૯૨૨૩૫૫૨૬૫૩**

---

**તુલસી વૃક્ષ ના જાનીયે, ગાય ના જાનીયે ઢોર,**
**ગુરુ મનુજ ના જાનીયે, યે તીનો નન્દકિશોર.**

**સર્વ દેવા: સ્થિતા દેહે સર્વ દેવમયી હી ગૌ।**
**પુષ્ઠે બ્રહ્મા ગલે વિષ્ણુ મુખે રુદ્ર પ્રતિષ્ઠિત:।।**

**ગાવો-વિશ્વસ્ય માતરં ગોવિશ્વસ્ય રક્ષિત।**
**ગોમયે વસતે લક્ષ્મી પવિત્રા સર્વમંગલા।।**

---

## એક ફૂલ-મીરાબેનને શ્રધ્ધાંજલી

માણસો તો આવે ને માણસો તો જાય,
અહીં રહેશે સુગંધ એક ફૂલની
મૂળના અંધાર થકી ઊંચે આવી ને
વળી શૂળની સંગાથ રહી પ્રીતે
નાનકડી એક કળીને થયું.
આપુ આપુ શું કંઈ રીતે ?
સપના ઘોળ્યા એણે ભરીને જરા
આછા વારીને આછી ધૂલની ... અહીં રહેશે
પાંખડી પાંખડીએ ફોર્યા પરાગ એને
ફોરમતો રંગ સાથે ફૂટયો,
કાલે ખરવાનું એણે આજની ઘડીને કાજ
કેવો કસુંબ રંગ ઘૂંટ્યો ;
વાયરામાં ઊડ ઊડ મઘ મઘતી લેરખી
આ ઝૂલે તે એના એ દૂકૂલની ... અહીં રહેશે
અંધારા ગાઢ ગાઢ છોને ઘેરાય હવે
આવે અસવાર કાળ ઘોડે,
નાનકડા ફૂલને તે કેવી નિરાંત એ તો
સૂઈ પડ્યું ધરતીની સોડે
કાળા અસવારનેય કહેવું પડે કે અહીં
જ્યોતિ જલે છે મહામૂલની.... અહીં રહેશે

**- સાંઈ મકરંદ દવે. સૌ. અરૂણ ભટ્ટ**

આદણીય મીરાબેન ભટ્ટે છેલ્લા સમયમાં સાંભળવાની ઈચ્છા કરેલ અને અરૂણભાઈએ ગાઈ સંભળાવેલ એ આ ભજન છે.

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. કિશોરભાઈ દોશી | - મલાડ | ૩૦૦/- |
| ૨. હરિલાલ રાયચંદ શાહ | - મુંબઈ | ૧૦૦/- |
| ૩. ઝીંઝુવાડા મિત્ર મંડળ | - મલાડ | ૨૦૦/- |
| ૪. આશાપુરા લાઈમ ડેપો | - મલાડ | ૨૦૦/- |
| ૫. એન. જે. સીક્યુરીટી | - અમરેલી | ૧૦૦/- |
| ૬. પ્રકાશભાઈ બી. શાહ | -જુહૂ, પારલા | ૧૦૦/- |

ગોરક્ષાપાત્રને બે વરસ પુરા થાય છે. ઘણાએ એક જ વરસનું લવાજમ ભર્યું છે અને ઘણાએ તો એક પણ લવાજમ ભરેલ નથી સહુને વિનંતિ છે કે સમયસર લવાજમ બેંકમાં ભરી **SMS** ફોનથી જાણ કરવા વિનંતિ છે. અત્રેથી વ્યક્તિગત જાણ કરવા આવતી નથી એ નોંધ લેવા વિનંતિ છે.

**<u>નોંધ:</u> આપનું લવાજમ રમેશ એસ. દોશી, બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**
**Bank Code : IFSC BKID 0000031**

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

# સત્કાર્યને પ્રચારની શી ગરજ ?

માનવતા અત્તરના પૂમડા જેવી હોય છે. જે વ્યક્તિ માનવતાનું કાર્ય કરે છે એને એની શાશ્વત સુવાસ મળે જ છે, પરંતુ એની આસપાસ ઊભેલા લોકોને પણ એની સુવાસ તરબોળ કરતી રહે છે. નાનકડી છતાં અણમોલ બે કથાઓ વૉટ્સએપ પર વીડિયો રૂપે જોઈને આંખો જ નહીં, હૈયું પણ તરબતર થઈ ગયું.

પહેલી એક કથા કંઈક આ પ્રમાણે છે : એક ગરીબ પરિવારનો બાળક એના પગમાં તૂટેલાં ચંપલ પહેરીને ઘસડાતા પગે રેલવેના પ્લેટફૉર્મ પર ચાલી રહ્યો છે. થોડી વારે એક પથ્થર પર બેસીને પોતાની ચંપલની મરામત કરવાની કોશિશ કરે છે. એ દરમિયાન આસપાસમાંથી પસાર થતા લોકોનાં બૂટ-ચંપલ તરફ નજર કરતો રહે છે. કદાચ એ વિચારતો હશે કે કાશ, મારી પાસે આવી કોઈ નવાં અને મજાનાં ચંપલ હોત તો કેવું સારું !

ત્યાં અત્યંત શ્રીમંત પરિવારનો એક બાળક એના પપ્પાના હાથની આંગળી પકડીને ત્યાંથી પસાર થાય છે. એણે તદ્દન નવાં બૂટ પહેર્યાં છે. ગરીબ બાળક એનાં બૂટ તરફ તાકી રહ્યો છે. એવામાં ટ્રેન ઉપડવાનો સમય થાય છે. પેસેન્જરો ટ્રેનમાં ચઢવા ધક્કામુક્કી કરે છે. દોડાદોડી અને હડબડીમાં પેલા શ્રીમંત બાળકના એક પગમાંથી બૂટ નીકળી જાય છે. બાળક એના પપ્પાની સાથે આગળ ઢસડાતો રહે છે. એ પોતાનો નીકળી ગયેલો બૂટ લેવા મથામણ કરે તો છે, પણ લઈ શકતો નથી. ટ્રેન ધીમેધીમે ચાલવા લાગે છે.

એ જોઈને પેલો ગરીબ બાળક પ્લેટફૉર્મ પર પડેલો બૂટ ઊંચકીને, ચાલતી ટ્રેનમાં દરવાજા પાસે ઊભેલા પેલા શ્રીમંત બાળકને આપવા માટે દોડે છે. બંને બાળકો પરસ્પરને જુએ છે. એક બાળક બૂટ આપવા માટે દોડી રહ્યો છે, બીજો બાળક પોતાનો બૂટ પાછો મેળવવા હાથ લાંબો કરીને પ્રયત્ન કરી રહ્યો છે. બંને બાળકો ભરપૂર કોશિશ કરે છે. હવે ટ્રેન ફુલસ્પીડ પકડી લે છે. ગરીબ બાળક મરણિયા પ્રયાસ રૂપે પોતાના હાથમાં રહેલો બૂટ ટ્રેનના દરવાજા તરફ જોરથી ફેંકે છે, પણ બૂટ આખરે પ્લેટફૉર્મ પર જ પડે છે. બંને બાળકો ઓશિયાળા ચહેરા સાથે પરસ્પરને તાકી રહે છે. ત્યાં જ એકાએક ટ્રેનમાં બેઠેલો બાળક પોતાના પગમાંથી બીજો બૂટ કાઢીને પ્લેટફૉર્મ પર નાખે છે. ગરીબ બાળકને નવા બૂટ મળ્યાનો અને શ્રીમંત બાળકને પોતે કંઈક સારું કર્યાનો આનંદ થાય છે. એક પણ ડાયલોગ વગરનો આ વીડિયો આપણી લાઈફને ડાયવર્ટ કરવા સક્ષમ છે.

બીજા વીડિયોમાં એક શ્રીમંત માણસ પોતાની કાર લઈને હોટલમાં જમવા જાય છે. વિન્ડોના કાચમાંથી બહાર ઊભેલા એક ગરીબ અને ભૂખ્યા બાળકને એ જુએ છે. તરત ઊભો થઈને એ બાળકને અંદર લઈ આવે છે. પોતાની સામે ખુરસી પર બેસાડીને એને ભરપેટ જમાડે છે. ઘણા દિવસથી ભૂખ્યા બાળકને પોતાના હાથે જમાડીને શ્રીમંત માણસ રાજી થાય છે. બાળક જમી લે છે પછી પેલો શ્રીમંત માણસ વેઈટરને બોલાવીને બિલ લાવવા કહે છે. થોડી વાર પછી વેઈટર બિલ આપી જાય છે. શ્રીમંત માણસ જુએ છે તો બિલમાં લખ્યું હતું : 'અહીં માનવતા માટે ચાર્જ લેવામાં આવતો નથી.'

બીજાને ઉપદેશ આપવા વેપારી બની બેઠેલા સાંપ્રદાયિક સાધુઓએ કેટકેટલો વાણીવિલાસ કરવો પડે છે ! તોય એમની વાતનો ખાસ પ્રભાવ પડતો નથી. જ્યારે આ વીડિયો એક પણ શબ્દ બોલ્યા વગર માનવતાની દિવ્ય અને શાશ્વત સુગંધ પ્રસરાવી જાય છે.

સત્કાર્ય હંમેશાં મૌન રહેવા જ ટેવાયેલું હોય છે. એને વળી પ્રચારની શી ગરજ હોય ? પ્રભાવ પાડવા માટે કે પ્રતિષ્ઠા મેળવવા માટે કરેલાં સત્કાર્યો કદી ચમત્કાર નથી લાગતાં. ઉપદેશ બીજાને આપવાની ચીજ નથી, એ આચરણમાં મૂકવાની ચીજ છે. માણસ પોતાની અનુકૂળતા મુજબ અને પોતાને યોગ્ય લાગે એ રીતે બીજાને હેલ્પફુલ થતો રહે તો આ પૃથ્વીલોક સ્વયં સ્વર્ગલોક બની જાય ! આદમીને માનવતા અને પરોપકારનો ધર્મ સ્વીકારતાં આવડી જાય તો પછી કહેવાતાં સ્વર્ગ અને મોક્ષ અને વૈકુંઠ અને જન્નત અને હેવન વગેરેની કોઈ અપેક્ષા જ ન રહે.

મારે કોઈને હેલ્પ કરવાની જરૂર નથી એવું માને એ સેલ્ફિશ છે. મારે કોઈની જરૂર નથી એવું માને એ ઈગોઈસ્ટ છે. મારે સૌની જરૂર છે અને હું સૌને ઉપયોગી થઈશ એવું માને એ સવાયો સાધુ છે.

**- રોહિત શાહ, સૌ. ચિત્રલેખા.**

**Post Registration No. MNW/277/2015-17**
"Licence to Post Without Pre Payment"
WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2017
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of everv month.
**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં. : ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**



**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,